# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ




॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ॐ ભૂર્ભુવઃ સ્વઃ ॐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॐ ॥

વર્ષ ૫ ] એપ્રિલ ૧૯૮૬ [ અંક ૨

Scanned by CamScanner

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ—૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

સરનામું :
કે. એન. પરીખ
મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ-૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૬૭૯૯૭

Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૫ ] • એપ્રિલ : ૧૯૮૬ • [ અંક ૨ જો

આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

વાર્ષિક લવાજમ
રૂપિયા દશ

પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦ ૦૧૬

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી,
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

## અનુક્રમણિકા


૧. આત્મસંતોષ ... ... ... શાસ્ત્રીજી ૩
૨. ભક્ત ધનુર્દાસ ... ... ... ... ૭
૩. ઉત્તિષ્ઠ : ચૈતન્યજાગ્રતિનો આદેશ ... ... ૧૩
૪. પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... ... ... ૧૬
૫. આત્મગુંજન-૯ ડૉ. કાન્તિલાલ કાલાણી ૨૨
૬. જ્ઞાનગોષ્ઠિ ... ... ... ... ... ૨૫
૭. મહામંત્રની પ્રચંડ શક્તિનાં હૂંફ અને સહારો ... ... ... ૨૯
૮. પૂ. ગુરુદેવનો અમેરિકાનો કાર્યયજ્ઞ ... ... ૩૧
૯. સમાચાર ... ... ... ... ... ૩૧








# આત્મસંતોષ

—શાસ્ત્રીજી

મારી વ્યક્તિગત મુલાકાત દરમ્યાન મને જાતજાતના લોકોનો પરિચય થાય છે. પોતાના વિવિધ પ્રશ્નોથી મુંઝાઈને – અકળાઈને તેઓ માતાજીના શરણે જવા તત્પર બનીને આવે છે. માતાજીની પ્રેરણા અને આદેશ અનુસાર સર્વને હું માનું – ઈષ્ટનું શરણું લેવા સૂચવું છું. જીવનની આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રાસેલાં લોકોનાં પ્રશ્નો–મૂંઝવણો સાંભળીને મને તેઓ પર ભારે અનુકંપા જાગે છે. હું માતાજીને પ્રાર્થના કરું છું તેમના શ્રેય ખાતર. સૌ પોતપોતાની શ્રદ્ધા અને શરણાગતિ તેમ જ ભાગ્યના બળે જીવનનાં સુખ, સમૃદ્ધિ, આનંદ અને શાંતિ પ્રાપ્ત કરવાનાં અધિકારી બને છે ત્યારે મને પોતાને ઘણો જ આનંદ થાય છે. માતાજીની કૃપા આગળ હું ઝૂકી જાઉં છું. માતાજીની અપાર ને અસીમ શાન્તિનો તાગ મેળવવા વધુ ને વધુ પ્રયત્ન આદરતો રહું છું. માની અકળ લીલાનો તાગ મેળવવા મથી રહું છું.

મારો એ પ્રયત્ન તો હરહંમેશનો અવિરતપણે ચાલતો જ રહે છે. કયારેક કયારેક માના શરણે જનારનાં સર્વ પ્રશ્નો – મૂંઝવણો દૂર થાય જ છે. એક નથી બનતું. તેમ છતાં પણ તેઓ જ્યારે જ્યારે મારી પાસે આવે છે ત્યારે જીવનની વિટંબણાઓ, મુશ્કેલીઓ, દુઃખો વિશે કોઈ ફરિયાદ સુદ્ધા કરતાં નથી. એથી ઉલટું તેઓ ખૂબ પ્રસન્ન, શાંત, સ્વસ્થ ને ઉત્સાહી લાગે છે. શ્રદ્ધાપૂર્વક માની શરણાગતિ સ્વીકારી, તેમના સ્મરણમાં લીન રહેવાનો પ્રયત્ન આદરી રહે છે.

બીજી બાજુ જોઈએ તો કેટલાકને માતાજીમાં સંપૂર્ણ શ્રદ્ધા છે. શરણાગતિ સ્વીકારી છે. સુખી છે છતાં નિતનવીન પ્રશ્નો સર્જતા રહે છે. અપેક્ષાઓ ઉદ્‌ભવતી રહે છે, મા પાસે માગણીઓ થતી રહે છે, ફરિયાદ થતી રહે છે. અસંતોષ વધતો જાય છે, પરિણામે માનવીને દુઃખ થાય છે.

જીવનમાં દુઃખ બે રીતે આવે છે. એક કુદરતી રીતે–અચાનક આવી પડે છે, જે આપણા હાથમાં નથી. એમાંથી માર્ગ કાઢવાનો પ્રયત્ન કરવો રહ્યો. એની સામે ઝઝૂમવું રહ્યું. ઈશ્વર પાસે મદદની યાચના કરવી રહી. સફળ ન થાય તો ફરિયાદ તો નહિ જ નહિ.

બીજું દુઃખ સ્વયંસર્જિત છે. મનુષ્યના મનમાં સહજભાવે જ અપેક્ષાઓ–કામનાઓ જાગતી રહે છે. એની પરિપૂર્તિ માટે માનવી અનેક નુસખાઓ–તરીકાઓ અજમાવે છે. જેને પરિણામે માનવી



Scanned by CamScanner

મુશ્કેલીમાં મુકાય છે. દુઃખ અનુભવે છે. માનસિક તાણુનો ભોગ બને છે. છેલ્લે પરાકાષ્ઠા રૂપે ઈશ્વરને પણ ભાંડવા બેસી જાય છે.

આ સ્થિતિ – આ વલણ ઉચિત નથી.

માનવીના આ પ્રકારના દુઃખોમાં અસંતોષ જ કારણભૂત છે. 'સંતોષી નર સદા સુખી' ઉક્તિ અનુસાર પોતાની કોઈ પણ દશામાં–હાલતમાં–પરિસ્થિતિમાં સંતોષ, સંયમ અને આનંદ રાખે છે તેને આપોઆપ માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે. પરિણામે તે સ્વસ્થ બને છે. સ્વસ્થતાથી ધીરજ આવે છે અને ધીરજથી માનવી જીવનમાંથી દરેક કાર્યોમાં સફળ થાય છે.

અસંતોષ માનવીના જીવનમાં પગલે પગલે દુઃખો, યાતનાઓ, મુશ્કેલીઓ સર્જે છે.

મનુષ્ય ભલે માતાજીમાં–પોતાના ઇષ્ટમાં શ્રદ્ધા રાખતો હોય, શરણાગતિથી તેની આરાધના કરતો હોય, પણ, જ્યાં સુધી માનવીનો અસંતોષ દૂર નથી થતો અને આત્મસંતોષ ઉદ્‌ભવતો નથી ત્યાં સુધી પરમતત્ત્વની શક્તિનાં આંદોલનો ઝીલી શકાતાં નથી. પરમતત્ત્વનો અનુગ્રહ પ્રાપ્ત કરી શકાતો નથી.

આપણે સૌ સમજી લઈએ અને યાદ રાખીએ કે, સમગ્ર સૃષ્ટિ ઈશ્વરનું સર્જન છે. સમસ્ત જગત પર એક પરમ ચૈતન્યશક્તિ વિલસી રહી છે. તેમ છતાં માનવીના સર્જનમાં ઈશ્વરની વિલક્ષણતા–વિશિષ્ટતા સ્પષ્ટપણે અનુભવાય છે. ઈશ્વર જ મનુષ્યને જીવન બક્ષે છે અને તેનો સંહાર કરે છે. એટલે ઈશ્વર સર્જિત જેવું–તેવું જીવન જીવવું એ જ સાચી ઉપાસના છે. જીવન જીવવા માટે–જીવનની સાચી ઉપાસના કરવા માટે આત્મસંતોષ એના પાયારૂપ બની રહે છે. આત્મસંતોષ વિનાના માનવીના જીવનની ઈમારત ટકી શકતી નથી.

જ્યાં માતાજીની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારી હોય ત્યાં આત્મસંતોષ આપોઆપ ઉદ્‌ભવે છે. પણ જ્યાં શ્રદ્ધા નથી, શરણાગતિ નથી ત્યાં જ અસંતોષ પેદા થાય છે. અને તે મનુષ્યની શ્રદ્ધા અને શરણાગતિ પર પ્રબળપણે પ્રહાર કરે છે. એ જ પ્રહાર માનવીને અનેક રીતે અસ્વસ્થ, દુઃખી, હતાશ, હતપ્રભ, અશાંત કરી મૂકે છે.

હું નિષ્કામ ભાવે માતાજીની–ઇષ્ટની ઉપાસનાને મહત્ત્વ આપું છું; તેટલું જ મહત્ત્વ આત્મસંતોષને પણ આપવા પ્રેરાઉં છું. આત્મસંતોષ જીવનની લૌકિક અને પારલૌકિક ઉત્તમ સાધનામાં મહત્ત્વનો છે. ભૌતિક જીવનમાં આપણે જ્યાં છીએ, જે સ્થિતિમાં છીએ, જે રીતે છીએ તેઓ આનંદ માણવો ઉચિત છે. આપણે મોટે ભાગે દેખાદેખીથી જીવનની સુવિધાઓ પ્રાપ્ત કરવા દોટ મૂકી રહ્યાં છીએ; જેને પરિણામે અસંતોષ કેળવાય છે. તે બરાબર લાગતું નથી.

ભૌતિકતાની દૃષ્ટિએ વાત કરીએ તો, આત્મસંતોષના અભાવમાંથી આપણી આસપાસ કેટલી બધી અસમાનતા જન્મી રહી છે; તેનો થોડોક વિચાર કરીશું તો આપણને ખ્યાલ આવશે.

દા.ત. ફૂટપાથ પર કે ઝૂંપડપટ્ટીમાં ભોંય પર કે ફાટેલી તૂટેલી–ચિંથરેહાલ ગોદડી પર સૂતેલાં મજૂર લોકો કેવી નિરાંતની ઊંઘ લેતા હોય છે, જ્યારે એરકન્ડીશન્ડ ઓરડામાં સરસ–સુંવાળી તળાઈ પર પણ કેટલાકને ઊંઘ આવતી નથી. જીવનમાં સર્જાતા રહેલા પ્રશ્નો, આકાંક્ષાઓ માનવીની ઊંઘ હરામ કરી નાખે છે. ઊંઘવા માટે માનવીએ છેવટે ઘેનની દવા લેવી પડે છે, નશો કરવો પડે છે, જેને પરિણામે વિપરીત પ્રત્યાઘાતો ઉદ્‌ભવે છે ને ગૂંચવણો વધતી જાય છે.

દિવસભર કાળી મજૂરી કરીને રોટલો ને ડુંગળી ખાતા મજૂરો આનંદપૂર્વક જીવે છે, જ્યારે થાળીમાં પીરસાયેલી સરસ–સ્વાદિષ્ટ વાનગીઓ કેટલાક જમી પણ શકતા નથી. ભૌતિકતાની પાછળ દોડી



Scanned by CamScanner

રહેલાંઓને શાંતિથી જમવાનો સમય પણ મળતો નથી. ધનિકોને ઘેર જમતી વેળા પણ વેપાર-ઉદ્યોગ અને નાણાં-વ્યવહારની જ વાતો ને વિચારોની આપ-લે થતી હોય છે. જ્યારે સૂકો રોટલો ખાતો મજૂર આનન્દપૂર્વક નિશ્ચિંતપણે જમતો જાય છે. ઘડીક વિશ્રામ લઈને ફરી પાછો કામે વળગે છે.

આ પરિસ્થિતિ સાચે જ માનવીના શ્રેયની ચિંતા ઉપજાવે છે.

આપણે જ્યારે માતાજીની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારી છે, ત્યારે જીવનમાં જે અનુકૂળતાઓ-પ્રતિકૂળતાઓ સર્જાય તેમાં પણ માતાજીનાં દર્શન કરવાં ઉચિત છે. આ જીવન તેણે જ આપ્યું છે. એટલે જીવનમાં જે કંઈ આવે છે તે પણ ઈશ્વરે જ મોકલ્યું છે એટલે એનો સ્વીકાર કરવામાં જ ઈશ્વરના-માતાજીના આધિપત્યનો સ્વીકાર છે. એ જ સાચી શરણાગતિ છે. એમાં તો માનવીની શ્રદ્ધાની-ભક્તિની કસોટી રહેલી છે. માતાજી પ્રત્યેના પ્રેમનું પારખું છે.

જીવન જીવવા અને માતાજીની-ઈષ્ટની આરાધના કરવા હિંમતની જરૂર રહે છે. જીવનમાં જ્યારે ઝંઝાવાત આવે છે ત્યારે આપણે હામ હારી જઈએ છીએ, ને ઈશ્વરને દોષ દઈએ છીએ પણ ઝંઝાવાત સામે ઝઝૂમવાની હિંમત હશે તો ઈશ્વરને દોષ દેવાને બદલે આપણે તેને શરણે જઈ યાચના, પ્રાર્થના, સ્મરણ કરીશું ને મદદ માંગીશુ; તે વેળા અસ્તિત્વમાં ઉદ્ભવેલો ને દૃઢ થયેલો માનવીનો આત્મસંતોષ જ માનવીને ઈશ્વરાભિમુખ બનાવે છે. જેમનામાં સંતોષનો અભાવ છે તે સંપૂર્ણપણે ઈશ્વરમાં લીન થઈ શકાતો નથી. એટલે જીવનમાં આધ્યાત્મિકતા સિદ્ધ કરવા યે આત્મસંતોષની પ્રખર આવશ્યકતા છે.

મનુષ્ય જ્યારે કેવળ ભક્તિના આશ્રયથી ભગવાનને શરણે જાય છે ત્યારે પણ તેને તેનો આત્મસંતોષ ભક્તિમાં આગળ વધારવાનું કાર્ય કરે છે. મનુષ્યના જીવનમાં જાગતી તૃષ્ણાઓ-આકાંક્ષાઓ-કામનાઓ ભક્તિના લયને વિક્ષિપ્ત કરે છે. જીવનમાં આધ્યાત્મિકતાની અનુભૂતિઓ થાય કે ન થાય પણ તે પ્રત્યે અસંતોષ કદી વ્યક્ત ન કરીએ. એની કદી કોઈ ફરિયાદ ન કરીએ. ઈશ્વરની ફરિયાદ કરનાર વ્યક્તિ ખુદ પોતાની જાત સામે જ ફરિયાદ કરે છે. એ આત્મદ્રોહ છે. એ આત્મઘાત છે એથી ઈશ્વરના ગુનેગાર આપણે બનીએ છીએ કારણ કે આપણે પણ ઈશ્વરનાં જ સર્જન છીએ. એટલે ઈશ્વરના સર્જનનું આપણું જીવન જેવું છે તેવું સ્વીકારવામાં જ પરમતત્ત્વની શક્તિનો સ્વીકાર છે. એમાં જ એનું હાર્દ સમાયેલું છે.

આપણે પરમતત્ત્વની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારીએ છીએ પણ શ્રદ્ધા અને શરણાગતિના સાચા હાર્દને સમજી શકતાં નથી. એના હાર્દને સમજવાની કોશિશ કરીએ એ જ સાચી સાધના-ઉપાસના છે.

આપણે સાધના કરવી છે, પણ તેના હાર્દને સમજ્યા વિના. આપણે ઈશ્વરનાં દર્શન કરવાં છે પણ પ્રયત્ન નથી કરવો. ઈશ્વર સર્વત્ર ને સર્વવ્યાપક છે. પ્રકૃતિનાં સઘળાં તત્ત્વોમાં એનો સંચાર છે પણ તે સમજી, જોઈ ને સહન કરી શકતાં નથી. તાપ, ટાઢ, તડકો, વાયુ, વરસાદ એ ઈશ્વરનાં જ સર્જન છે. સર્જનની એ વિવિધ મુદ્રાઓ છે પણ એથી આપણને સંતોષ નથી થતો. આપણે એ સહન કરી શકતાં નથી, સંયમ કેળવી શકતાં નથી ને ઈશ્વરનાં દર્શન કરવા, તેની ભક્તિ કરવા, તેની શક્તિને પામવા બાહ્યાચરણ કરીએ છીએ. વહેતા વાયુ, વરસતા વરસાદ ને ગરમી-ઠંડીમાં પણ ઈશ્વરના સ્પર્શને પામવાનો પ્રયત્ન કરવો રહ્યો. એને બદલે આ તો ખૂબ વરસાદ વરસી રહ્યો છે, ખૂબ ગરમી પડે છે, ઠંડીનો કોઈ પાર નથી, પવન ખૂબ વાઈ રહ્યો છે એવી ભાંડણલીલા શરૂ કરી તે પ્રત્યે અસંતોષ ને અણગમો વ્યક્ત કરીએ છીએ.



Scanned by CamScanner

એટલું યાદ રાખીએ કે માનવીનો આત્મસંતોષ શ્રદ્ધા અને શરણાગતિનો ઉદ્‌ભવ કરે છે ને ઉદ્‌ભવ પામેલી શ્રદ્ધા અને શરણાગતિ પ્રબળ બને છે. આત્મસંતોષ માનવીમાં સંયમ અને ધીરજ પ્રેરે છે. એ આત્મસંતોષ માનવીને સાચા અર્થમાં માનવી બનાવે છે. માણસાઈથી ભરેલો માનવી પ્રભુને પ્રિય બને છે. પ્રભુને પ્રિય બનેલા માનવી માટે સૌને પ્રેમ જાગે છે. એ પ્રેમ માનવીના આત્મસંતોષને દઢીભૂત કરે છે. આત્મસંતોષથી સભર બનેલો માનવી પોતાનું સમસ્ત અસ્તિત્વ માતાજીનાં–ઇષ્ટનાં ચરણોમાં, તેની સેવામાં સમર્પિત કરી દે છે.

અંતે, માનવીનો આત્મસંતોષ જીવનનાં વિવિધ સોપાનો પરથી, તબક્કાઓમાંથી પસાર થતો થતો, મનુષ્યને છેવટે આત્મસાક્ષાત્કાર સુધી લઈ જાય છે.

એટલે જીવનમાં સંતોષ કેળવીશું તો માતાજીની સમીપ ત્વરાથી પહોંચી શકીશું એમ તમને સૌને આટલી છણાવટ પરથી સમજાઈ ચૂક્યું હશે. આજથી તમે સૌ જીવનમાં સંતોષ કેળવવાનો પ્રયત્ન શરૂ કરી દેશો એવી આશા વ્યક્ત કરું છું.

તમને સૌને મારા આશીર્વાદ છે.

□


શુભેચ્છા સહિત :

Res. : ૩૬૫૦૫
Fact. : ૩૭૦૦૪

ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

ડૉક્ટર જયંત ફેબ્રીકસ

બેમ્બર્ગ જ્યોર્જેટ બનાવનાર

: ફેક્ટરી :
પ્લોટ નં. ૧૪/૧, ખટોદરા
ઉધનારોડ, સુરત

૪૪

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સુરત–૧





Scanned by CamScanner

# ભકત ધનુર્દાસ

શ્રીરંગનાથના દર્શને જતાં હજારો નગરવાસીઓ એક વિચિત્ર દશ્ય જોઈ થંભી ગયાં.

“આ શું ?”

“આશ્ચર્ય !”

“ના, નિર્લજ્જતા !” કોઈએ તિરસ્કારથી કહ્યું.

પણ લોકટકોરની પરવા ન કરતો એક અલમસ્ત પુરુષ પોતાની પત્ની ઉપર છત્રી ધરી રાખી મંદિર તરફ આગળ વધતો હતો. એ અનિમેષ આંખે પત્નીને જોઈ રહ્યો હતો અને પાછા પગલે મંદિર તરફ જઈ રહ્યો હતો.

વાસન્તી ઉત્સવના કારણે જમા થયેલી માનવમેદની આ દશ્ય જોઈ થંભી ગઈ. અહીં સૌ શ્રીરંગપ્રભુનાં દર્શને આવ્યાં હતાં. સૌની આંખોમાં પ્રભુદર્શનની ઉત્સુકતા હતી અને દર્શન કરી જીવન સફળ કરવાના હૈયામાં સંકલ્પ હતા. આ એક જ માનવી, જો કે શ્રીરંગ પ્રભુના મંદિર તરફ જઈ રહ્યો હતો છતાં એની આંખો એની પત્નીના વદનસૌન્દર્યને ચૂમી રહી હતી અને પત્નીમય જાણે બની રહ્યો હતો. મંદિરની આજુબાજુ દર્શનાર્થીઓની ભીડ જામી હતી. ઉનાળાના દિવસો હોવાથી સૂર્યનાં કિરણોમાંથી અગ્નિ વરસતો હતો, પણ આ પુરુષને એ બધી તકલીફોની ગણતરી નહોતી. પત્નીના દેહસૌન્દર્યમાંથી ઝરતી સુધા જ એને શાતા અર્પતી હતી એમ લાગતું હતું.

શિષ્યો સાથે, શ્રીપ્રભુનાં દર્શને જતા શ્રીરામાનુજાચાર્ય સ્વામી, એ જ વખતે ત્યાંથી પસાર થયા. તેમની દૃષ્ટિ આ પુરુષ ઉપર પડી અને એ પણ એક પળ થંભી ગયા.

“કોણ છે આ ?” તેમણે પૂછ્યું.

“ધનુર્દાસ પહેલવાન છે, નિચુલાપુરીના રહેવાસી. સાથે છે એ એની પત્ની હેમામ્બા. પહેલાં વેશ્યા હતી.”

સંસારની વિચિત્રતાઓ ઉપર સંપૂર્ણ સમભાવ હોવા છતાં સ્વામીજીના ઓષ્ઠ ઉપર સ્મિત ફરકી ગયું. મંદિરની દિશામાં તેણે પગ ઉપાડયા. શિષ્યગણ ગુરુને મૌન જોઈ ચૂપ રહ્યો. મંદિર ભણી જતા સ્વામીજી સ્વસ્થ જણાતા હતા; પણ એમના હૃદયમાં મંથન શરૂ થયું હતું.

“લોકલાજથી પર જઈને એક પુરુષ સ્ત્રી પ્રત્યે આટલી હદ સુધી કામાસક્ત રહી શકે ? એ સ્ત્રીની એના ઉપર એટલી જબરી પકડ છે, કે પુરુષ નબળાઈથી ભર્યો છે !”

“[illegible]સ !” સ્વામીજીએ એક શિષ્યને સંબોધી કહ્યું, “એ પહેલવાનને કહો કે એ મને બપોર પછી મઠમાં મળે.”

“જી.”

આજ્ઞાનું તરત પાલન થયું. ધનુર્દાસ આદેશ સાંભળી ગભરાયો. સ્વામીજીના આદેશનો અર્થ એની સમજમાં આવ્યો [illegible] એના ચિત્ત ઉપર પ્રથમ તો એ છાપ પડી કે કોઈએ એના વિશે અણઘટતી

ફરિયાદ કરી હશે, એ પોતાના કૃત્ય ઉપર વિચાર કરવા લાગ્યો. પોતાના ગામથી સીધો અહીં યાત્રાપુરીમાં આવ્યો છે. પોતાના વતનમાં કે રસ્તામાં તેણે કોઈ જાતનું તોફાન કર્યું નથી, કોઈને કનડગત કરી નથી. ફરિયાદનું કોઈ કારણ નહોતું. બીજો વિચાર પણ એના મનમાં જાગ્યો. પોતે જે રીતે રસ્તા ઉપરથી પસાર થતો હતો એ તો સ્વામીજીના રોષનું કારણ નહિ હોય ને ? પણ એ વિચાર તેને બહુ ગંભીર લાગ્યો નહિ. એ તો પોતાની પત્નીને જોઈ રહ્યો હતો. તાપથી બચાવવા એના ઉપર એ છત્રી ધરી રહ્યો હતો. એ તો એમની અંગત વાત હતી.

મંદિરમાં જઈ, પત્નીની સાથે તેણે શ્રીપ્રભુનાં દર્શન કર્યાં. ભક્તિપૂર્વક પ્રણામ કર્યાં. અનેક વિચારોથી ખળભળતા હૃદયને તેણે શાન્ત કર્યું.

નમતી સાંજે એ મઠે પહોંચ્યો. અંદર જાણ થતાં સ્વામીજીએ કહ્યું, "ધનુર્દાસને અહીં મારી પાસે આવવા કહો."

"અહીં ? મઠમાં ?" શિષ્યે યાદ આપ્યું. ધનુર્દાસ તો પહેલવાન જાતિનો હલકી ગણાતી કોમનો માણસ હતો. એમને મઠમાં કેમ લાવી શકાય ? શિષ્યના સંકોચની સ્વામીએ અવગણના કરી અને ફરીથી શિષ્યને આજ્ઞા કરી, "ધનુર્દાસને અહીં લાવો."

ધનુર્દાસ હાજર થયો. સ્વામીજીના ચહેરા ઉપર પ્રસન્નતા જોઈ એને નિરાંત થઈ. સ્વામીજીની આંખોમાં નિર્મળ સ્નેહ છલકાતો જોઈ એની ભીતિ નામશેષ બની. એ સ્વામીજીના ચરણમાં સાષ્ટાંગ નમસ્કાર કરી રહ્યો.

"ધનુર્દાસ !"

"જી, મહારાજ !"

"મેં આજે તમને રસ્તા વચ્ચે જોયા."

ધનુર્દાસ ઝાંખો પડી ગયો. સ્વામી કહેવા લાગ્યા, "પોતાની સ્ત્રી સાથે પણ માણસ, લોકોની વચ્ચે, લોકોની હાજરીમાં તમારી રીતે વર્તે નહિ. તમે તો તમારી સ્ત્રીમાં સર્વસ્વ ભાળી જાણે સ્ત્રીમય બની ગયા હતા. એનું શું કારણ ? કહેશો ?"

"સ્વામી !" ધનુર્દાસને હવે ખરેખર ડર લાગ્યો હતો. સ્વામીજીનું સ્થાન એ પ્રદેશમાં બહુ ઊંચું હતું. એ ધારે તો ધનુર્દાસનો સામાજિક બહિષ્કાર જાહેર કરાવી શકે. એ ધારે તો ધનુર્દાસના જીવનનો રસ ઉડાડી શકે. એ ધારે તો ધનુર્દાસનું સરળ રીતે વહેતું જીવન વેડફી શકે. એ જમાનામાં મઠાધિપતિઓ, ધર્મગુરુઓ નીતિનું કડક પાલન ઇચ્છતા.

'ડરો નહિ, ધનુર્દાસ ! અહીં આવો. મારી પાસે બેસો અને મને કહો કે તમારી સ્ત્રીમાં એવું શું અદ્ભુત છે કે તમે તમારી નજર એના ઉપરથી ખસેડતા પણ નથી ?'

"એનું સૌન્દર્ય !" ધનુર્દાસે કહ્યું.

"ખરું કહો છો ધનુર્દાસ ?"

"ખરું કહું છું, મહારાજ ! એ સ્ત્રીનું સૌન્દર્ય મને બહુ આકર્ષે છે. એના મુખસૌન્દર્યને જાણે જોયા જ કરું, જોયા જ કરું. છતાં એમ લાગે છે કે મને તૃપ્તિ થતી નથી."

સ્વામીજી હવે ગંભીર બન્યા :



Scanned by CamScanner

" ભાઈ ! તમે સાચું સૌન્દર્ય-રૂપ, આ સ્ત્રીના મુખના સૌન્દર્ય કરતાં વિશેષ, ક્યાંય જોયું છે ?"

ધનુર્દાસે હાથ જોડી રાખી નમ્રતાથી, છતાં સ્વાભાવિક સરળતાથી કહ્યું, "સ્વામીજી ! મેં તો મારી સ્ત્રીના રૂપમાં જ રૂપની અવધિ જોઈ છે."

સ્વામીજી ખડખડાટ હસી પડયા.

"તમારી સરલતા માટે ધન્યવાદ ! પણ ધનુર્દાસ, આજે હું તમને એક બીજું રૂપ બતાવવા માગું છું. એ જોયા પછી મને કહેજો કે કયું રૂપ ચડે ? સાંજે આરતી સમયે મારી સાથે મંદિર આવશો ? "

" જરૂર ! મારી આંખો સૌન્દર્ય જોવા માટે સદાય ઉત્સુક રહે છે."

" તમે એકલા ત્યાં આવજો, હું તમને વિશ્વનું પરમ સૌન્દર્ય બતાવીશ."

આજ્ઞા પ્રમાણે ધનુર્દાસ એકલો શ્રીરંગ પ્રભુના મંદિરમાં ગયો. અનેક દર્શનાર્થીઓ વચ્ચે એ ઊભો હતો, છતાં સ્વામીજીએ એને શોધી કાઢયો અને ધનુર્દાસને ઠેઠ ગર્ભદ્વારની નજીક ઊભો રાખ્યો. આરતી શરૂ થઈ. સુગંધી દ્રવ્યોથી વાતાવરણ મઘમઘતું હતું. જુદાં જુદાં વાદ્યોમાંથી સૂરો નીકળીને દર્શનાર્થીઓના હૈયાને નમ્ર, વધુ નમ્ર બનાવી રહ્યાં હતાં અને અનેકનાં હૈયામાંથી ઝરતી ભક્તિની લાગણી શ્રીપ્રભુની મૂર્તિ ભણી વહી રહી હતી.

શ્રીરામાનુજ સ્વામી આંખો બંધ કરી પ્રભુને પ્રાર્થી રહ્યા હતા : "પ્રભુ ! આજે હું એક માનવીને અહીં લાવ્યો છું. સૌન્દર્ય કઈ વસ્તુ છે એ એને બતાવવું છે. કૃપાનાથ ! વિશ્વને મોહ પમાડતું આપનું સૌન્દર્ય એને બતાવો."

આરતી છેવટે પૂરી થઈ. દર્શનાર્થીઓ જવા લાગ્યા. સ્વામીજીએ શ્રીપ્રભુના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કર્યાં. સાથે આવેલા અનેક શિષ્યોએ ગુરુનું અનુકરણ કર્યું. માત્ર ધનુર્દાસ અડગ ઊભો હતો. એની આંખો મૂર્તિની સામે સ્થિર થઈ ગઈ હતી. એના ચહેરા ઉપર આનંદની છોળો ઉછળતી હતી. શરીરમાં નવું ચેતન આવી રહ્યું હતું.

"ધનુર્દાસ ! પ્રભુનાં દર્શન કર્યાં ? મેં કહ્યું હતું એવું સૌન્દર્ય તને દેખાયું ?"

ધનુર્દાસ સ્વામીજીના ચરણમાં ઢળી પડયો. "સ્વામી ! આપે મને ઉગારી લીધો. આપે તો મને કોઈ અલૌકિક સૌન્દર્યની ઝાંખી કરાવી. એ સૌન્દર્ય જ હવે મારી આંખો જોઈ રહેશે."

ધનુર્દાસ તો પછી શ્રીરંગધામમાં જ રહી ગયો. રોજ શ્રીપ્રભુની રૂપમાધુરીનાં દર્શન કરવા લાગ્યો. એને હવે એ જ સૌન્દર્યદર્શન વગર ક્યાંય ચેન પડતું નથી. સ્ત્રીનું સૌન્દર્ય એને તુચ્છ લાગ્યું હતું. સ્વામીજીએ એને નવાં દર્શનની ઝાંખી કરાવી દીધી હતી અને એથી એ પરમ તૃપ્તિ માણી રહ્યો હતો.

એ બહુ સમય સ્વામીજીની સાથે જ ગાળવા લાગ્યો. પતિની સલાહસૂચના પ્રમાણે હેમામ્બાએ પણ જીવનનું વહેણ બદલ્યું. એ પણ ધનુર્દાસની સાથે સ્વામીજીનો ઉપદેશ સાંભળવા આવતી. પરિણામે બન્નેનાં હૃદય ઉપર ભક્તિની અસર જામવા લાગી. ઇન્દ્રિયોનાં સુખો કરતાં કોઈ વિશેષ સ્થાયી સુખની તેઓમાં ઝંખના જાગી અને એ ઝંખના પ્રભુસેવાથી જ સફળ થશે એ માન્યતા તેઓમાં દૃઢ થઈ. સ્વામીજીએ પણ આ બન્નેને યોગ્ય પાત્રો માની જ્ઞાનનાં રહસ્યો સમજાવ્યાં.

થોડા દિવસોમાં તો ધનુર્દાસની ગણતરી સ્વામીજીના મુખ્ય અનુયાયી તરીકે થવા લાગી. સ્વામીજી



Scanned by CamScanner

તેને પોતાની નજીક જ રાખવા લાગ્યા. કેટલાંક જૂના શિષ્યો ધનુર્દાસને બહુ મહત્ત્વ મળતું જોઈ બળી ઝળી ઊઠતા. તેઓ ઘણીવાર સ્વામીજી પાસે રોષ પણ વ્યક્ત કરતા :

"ગુરુજી! ધનુર્દાસ જેવા હલકી જાતિના સેવકના ખભા ઉપર હાથ ટેકવી આપ કાવેરીસ્નાન પછી મઠમાં પધારો છો એથી લોકો જાતજાતની ટીકાઓ કરે છે. આપનું વર્તન કોઈને સમજાતું નથી."

સ્વામીજી હસીને કહેતા, હું ઉચ્ચ છું, મારામાં કંઈક વિશેષતા છે એ અભિમાનનો નશો મને ચડે નહિ માટે હું ધનુર્દાસનો આધાર લઉં છું."

શિષ્યગણને આ જવાબથી સંતોષ થતો નહિ. તેઓ સ્વામીજીને વિરોધ કહી શકતા નહિ, પણ ધનુર્દાસનું સ્થાન–આગળ પડતું સ્થાન બીજા શિષ્યોનાં હૈયામાં શૂળની જેમ ખૂંચતું. સ્વામીજીએ પણ જાણી લીધું કે તેમના શિષ્યો ધનુર્દાસની ઈર્ષ્યા કરી રહ્યા છે. એ ઈર્ષ્યાના મૂળનો સદંતર નાશ કરવો જ જોઈએ.

સ્વામીજીએ એક સાંજે પોતાના ખાસ માણસોને બોલાવ્યા અને સાવધાનીથી કહ્યું : "હું તમને ખાસ કામ સોંપવા ઇચ્છું છું. એ વિશે ખૂબ સાવચેત રહેવાનું છે."

માણસો એકધ્યાન બન્યા.

"આ બ્રાહ્મણ શિષ્યોનાં સુકાતાં કપડાંમાંથી થોડો ભાગ ફાડીને મને આપી જાઓ."

માણસોએ બહુ સાવચેતીથી સ્વામીજીની આજ્ઞાનો અમલ કર્યો. શિષ્યો તો ઊંઘમાં પડયા હતા. એમને કોઈને ખબર પડી નહિ કે તેમનાં કપડાંની શી વલે થઈ છે.

સવારે શિષ્યોએ પોતાનાં કપડાંની દુર્દશા જોઈ.

"મારું કપડું કોણે ફાડયું?" એકે પૂછ્યું.

"મારું કપડું તમારા કપડાંની બાજુમાં જ સુકાતું હતું તે પણ ફાટેલું છે."

"મેં ફાડયું છે?"

"ત્યારે કોણે?"

અને શિષ્યો વચ્ચે તકરાર જામી પડી. સૌ એકબીજાને જવાબદાર લેખતા અને સ્વસ્થતા જતાં રોષ પ્રગટયો. રોષે વિવેકની ભાવનાને નષ્ટ કરી. કપડાં જેવી સામાન્ય વસ્તુ માટે ઝઘડો કરી શિષ્યોએ સ્વામીજીના શિક્ષણને લજાવ્યું. સ્વામીને, આ જાણી, ભારે આઘાત થયો. એ આઘાતને હૈયામાં સમાવી તેણે શિષ્યોને કહ્યું :

"હવે શાન્ત રહો. એકબીજા ઉપર દોષારોપણ કરો નહિ. તમને બધાને કપડાં મળી જશે."

આ બનાવ પછી થોડા દિવસો વીતી ગયા. શિષ્યોને નવાં કપડાં મળી ગયાં, એટલે ફાટેલાં કપડાંનો શોક રહ્યો નહિ. એકબીજાને કડવાં વેણ કહી અંતરમાં ઘા પડયા હતા એ પણ રુઝાયા. સ્વામીએ બરાબર આ સમયે ધનુર્દાસના મૂલ્યની સ્થાપના કરવા એક યુક્તિ શોધી કાઢી. તેમણે પોતાના શિષ્યોને બોલાવી કહ્યું :

"આ ધનુર્દાસની આપણે કસોટી કરવી છે. આજે સાંજે ધનુર્દાસને અહીં ભજનકીર્તનમાં રોકી રાખો. મધરાત સુધી એ પોતાના ઘેર જઈ શકે નહિ એ માટે તમે સૌ કાળજી રાખો અને એ અહીં રહે તે દરમિયાન તમારામાંના કેટલાક તેને ઘેર જઈ જે સારી વસ્તુઓ હાથ લાગે તે ઉપાડી આવો."



Scanned by CamScanner

શિષ્યોને આ કાર્ય ખૂબ પસંદ પડયું. ધનુર્દાસ પ્રત્યે એ સૌની દાઝ તો હતી જ. કસોટીમાં એ કથીર નીવડે એ તેઓ બધા ઇચ્છતા હતા.

રાત્રે ભજનકીર્તનની ધૂન મચી રહી એક પછી એક ભાવવાહી સરસ ભજનોનો સ્રોત વહેવા લાગ્યો, અને ધનુર્દાસ એ ભજનના અર્થથી સ્પષ્ટ થતી ભક્તિની મસ્તીમાં ડૂબી ગયો. કાન ઉપર ભજનની સૂરાવલિઓ અથડાતી હતી અને આંખો મીંચી એ તો સાંવરાની મંગલમૂર્તિના રૂપને અંતરમાં ઊતારી રહ્યો હતો. એને સમયનું ભાન રહ્યું નહિ. એક વખત જે પત્ની વગર એક ઘડી પણ દૂર રહી શકતો નહિ તે પત્ની તેની પ્રતીક્ષા કરતી હશે એ કલ્પના પણ તેને આવી નહિ.

ધનુર્દાસ અહીં આ સ્થિતિમાં બેઠો હતો ત્યારે શ્રીરામાનુજ સ્વામીના શિષ્યો તેના ઘેર પહોંચ્યા હતા. પતિની રાહ જોતી હેમામ્બા પથારીમાં પડી હતી. તેણે દ્વાર પણ ખુલ્લાં રાખ્યાં હતાં શિષ્યો ચૂપકીથી એના ઘરમાં ઘુસ્યા. ઘરમાં નજર કરી તો તરત તેઓને કાંઈ બહુ મૂલ્યવાન વસ્તુ દેખાઈ નહિ. ઘરમાં એક દીવો ઝાંખો ઝાંખો બળી રહ્યો હતો. એ ઝાંખા પ્રકાશમાં હેમામ્બાના અંગ ઉપરનાં આભૂષણો ચમકતાં હતાં. શિષ્યોએ આ આભૂષણો જ ઊતારી લઈ જવાનું વિચાર્યું. ધનુર્દાસની પત્નીને ઊંઘમાં પડેલી માની કોઈએ હેમામ્બાનાં નૂપુર ઊતારી લીધાં.

હેમામ્બા જાગતી પડી હતી. તેણે જરાય વિરોધ કર્યો નહિ. બીજા હાથનાં આભૂષણો સહેલાઈથી એ લોકો લઈ જઈ શકે એ માટે તેણે પડખું બદલ્યું; પણ શિષ્યો, હવે હેમામ્બા જાગી જશે એવી બીક લાગતાં, નાસી છૂટ્યા. સ્વામીજીના ચરણમાં એ બધાં આભૂષણો મૂકી તેઓ આ સરસ કાર્ય કર્યા બદલ ધન્યવાદની અપેક્ષા રાખતા શાન્ત ઊભા.

"હવે આ ધનુર્દાસ તેને ઘેર જાય ત્યારે શું ધમાલ થાય છે તે તમે છાના રહીને જાણો અને મને કહો"

મોડી રાત સુધી સ્વામીજી જાગતા બેઠા. શિષ્યોના આવવાની રાહ જોતા રહ્યા.

"સ્વામીજી! ધનુર્દાસ તો પત્નીને ઠપકો આપતા હતા." એક શિષ્યે આવીને કહ્યું.

"ઠપકો?"

"હા ઠપકો. ધનુર્દાસ એની પત્નીને કહેતા હતા કે શા માટે તેણે બધાં ઘરેણાં વૈષ્ણવોને આપી દીધાં નહી."

"એની પત્નીએ શું કહ્યું?"

"એ તો કહેવા લાગી, હું તો બાકીનાં ઘરેણાં લઈ જવાની અનુકૂળતા માટે પડખું ફરી, પણ શિષ્યો જતા રહ્યા."

"પછી?" સ્વામીજીએ પૂછ્યું.

"ધનુર્દાસ બહુ નિરાશ થઈ ગયા છે. એ તો એની પત્નીને કહે છે કે સ્વામીજીનો ઉપદેશ ખરેખરો જીવનમાં ઊતર્યો હોય તો ધનદોલતનો મોહ રાખવો જોઈએ નહિ."

"ખરેખર!" સ્વામીજી બોલી ઊઠયા. એમનું અંતર પરમ સંતોષથી ઝૂલી રહ્યું હતું અને આંખો પ્રસન્નતાથી હસી રહી હતી.

એ જ વખતે ધનુર્દાસ આવી પહોંચ્યા. બાકીનાં ઘરેણાંની પોટલી સ્વામીજીના ચરણમાં મૂકી કહ્યું:

"વૈષ્ણવોને જે જોઈએ તે અમારે ન જોઈએ. બાકીનાં ઘરેણાં આ રહ્યાં. એ સંભાળી લ્યો. ધનદોલતનો મોહ રહ્યો નહિ. અમને તો માત્ર પ્રભુની મંગલમૂર્તિના દર્શનનો મોહ રહ્યો છે અને એ આપની કૃપાથી હરહંમેશ મળે છે. અમારે બીજું કશું જોઈતું નથી."

સ્વામીજી દોડીને ધનુર્દાસને ભેટી પડયા. એની આંખો આંસુથી છલકી ઊઠી. ધનુર્દાસને હૈયાસરસા ચાંપતાં તેમણે શિષ્યોને કહ્યું:

"જોયું? હું શા કારણે ધનુર્દાસને નિકટનો ગણું છું? કોઈએ તમારા કપડાંને જરા ફાડી નાખ્યા અને તમે બધાએ કાગારોળ કરી મૂકી વિવેક ભૂલ્યા, સંસ્કારને નેવે મૂકયો. આ ધનુર્દાસને તમે હલકી, નીચ જાતિનો કહી ઊવેખો છો પણ મનુષ્ય ઊંચી જાતિનો છે કે નીચ જાતિનો છે તે તેનાં કર્મો કહી શકે. ઊંચનીચનું પ્રમાણ નીતિ આપતી નથી, વ્યક્તિનું આચરણ કહી આપે છે."

શિષ્યો મૂંઝવણમાં પડી ગયા. સ્વામીજીએ બધાં ઘરેણાં ધનુર્દાસને પાછાં આપ્યાં.

"તમે બધા ધનુર્દાસની ઈર્ષ્યા છોડો અને કાર્યમાં ઓતપ્રોત બની જાઓ."

એ પછી કોઈને ધનુર્દાસ વિશે સંદેહ રહ્યો નહિ. સ્વામીજીના અનુયાયીઓમાં એમનું વિશિષ્ટ સ્થાન નક્કી થઈ ગયું અને ધનુર્દાસે પણ બાકીનું જીવન શ્રીરંગ પ્રભુની રૂપમાધુરીની ઝાંખી કરતાં કરતાં વિતાવ્યું.

['જનકલ્યાણ'માંથી સાભાર]

□


પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ

M. N. CHAMPANERIA
B. E. Civil (HONS), A. M. I. E. (INDIA)

JANAK ENTERPRISE

1/29, NAVJIVAN CO-OPERATIVE HOUSING SOCIETY,
LAMINGTON ROAD, BOMBAY-400 008





Scanned by CamScanner

# 'ઉત્તિષ્ઠ':
# ચૈતન્યજાગ્રતિનો આદેશ

જગતનો પ્રત્યેક મનુષ્ય કોઈક ને કોઈક વેદનાથી કણસી રહ્યો છે. તેને સુખ નથી, આનન્દ નથી, આત્મશાંતિ નથી, એટલું જ નહિ, ઘણી વાર તો દાણા–પાણીના યે તેને સાંસા પડે છે. બેકારી ને ભૂખમરો આ દેશનો સનાતન પ્રશ્ન બની રહ્યો છે, જેનો કદી ઉકેલ આવતો નથી. નિરાશા–હતાશા સામ્પ્રતકાલીન યુગ પર જાણે કોઈક રાજરાજેશ્વરની એકહથ્થુ સત્તાની જેમ છવાઈ ગઈ છે, પરિણામે જીવન નિરર્થક ને નિસ્સાર બની રહ્યું છે, દેશ, સમાજ ને સમાજનો માનવી અનેકવિધ વિકટ સમસ્યાઓથી ઘેરાઈ ગયાં છે. ચારે બાજુથી ભય, આશંકાએ ભરડો લીધો છે, પરિણામે મનુષ્ય વહેમ, અંધશ્રદ્ધા, મોહ ને અજ્ઞાનથી પીડાઈ રહ્યો છે. ક્યાં જવું ને શું કરવું તે તેને સૂઝતું નથી. પરિણામે તે ક્ષુલ્લકતામાં સરી જઈ રહ્યો છે.

રણસંગ્રામમાં અર્જુનની જેવી દશા હતી તેવી જ દશા આજે પ્રત્યેક માનવીની થઈ રહી છે.

અર્જુન કહે છે:

ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મનઃ ॥ (૧.૩૦)

વળી, મારું મન જાણે કે ભમે છે, (પરિણામે) હું ઊભો રહેવા પણ શક્તિમાન નથી.

ત્યારે કૃષ્ણ ભગવાન તેને જવાબ આપે છે:

ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ નૈતત્ત્વય્યુપપદ્યતે ।
ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તપ ॥ (૨.૩)

હે પાર્થ! તું કાયરતાને પ્રાપ્ત ન થઈશ. (કારણ) આ (કાયરતા) તારા માટે યોગ્ય નથી. હે પરંતપ! આ તુચ્છ હૃદયની દુર્બળતાને ત્યજીને (યુદ્ધ માટે) ઊભો થા.

આમ હૃદયની દુર્બળતા–નિર્બળતા છોડવાનો આદેશ આપીને કૃષ્ણ ભગવાન સ્વયંને સઘળું સોંપી દેવા–ઉપાસવા અર્જુનને કહે છે, જેનો અઢાર અધ્યાય સુધી વિસ્તાર કર્યો છે. એમાં જ્ઞાન, ભક્તિ, કર્મ અને યોગની તાત્ત્વિક ફિલોસોફી સમજાવી છે, જે ઘણી ગૂઢ ને અકળ છતાં રસપ્રદ, પ્રેરક ને ઉદ્ધારક છે. કોઈ પણ કાળે, કોઈ પણ પ્રશ્ન પર તે પ્રકાશ પાડી શકે છે, જે ભારતીય સંસ્કૃતિના રક્ષણ, પોષણ ને સંવર્ધન માટે ઉપયોગી તો છે જ, પણ પ્રત્યેક વ્યક્તિને માટે પણ એ એટલું જ ઉપકારક ને શ્રેયસ્કર બની રહે તેમ છે.

આપણે અર્જુનની દશા અને કૃષ્ણના આદેશને સમજવાનો પ્રયત્ન કરીએ.

અર્જુન કહે છે કે હું ઊભો રહેવા પણ શક્તિમાન નથી.

કર્મના ચક્રમાં ફરતો માનવી અનેકવિધ આપત્તિઓમાં ઘેરાય છે. વિપત્તિઓમાં ફસાય છે ને શું કરવું તે સમજાતું નથી. ઘણી વાર સામાજિક, કૌટુંબિક કે અંગત એવા પ્રશ્નો ઉદ્‌ભવે છે કે તેને આપત્તિ કે મુશ્કેલી ન ગણીને સહજ ભાવે લઈએ તો ય તેમાંથી માર્ગ તો કાઢવાનો રહે જ છે. તેમાં ય જ્યારે અંગત સંબંધો પ્રત્યેના પ્રેમ, મોહ, જવાબદારીઓ મોં સામે વકાસીને ઊભાં રહે છે ત્યારે



Scanned by CamScanner

માનવી કિંકર્તવ્યમૂઢ બની જાય છે. શું કરવું ને ક્યાં જવું તે સૂઝતું નથી. પરિણામે તેની સમગ્ર ચેતના હણાઈ જાય છે, પગ નીચેની ધરતી જાણે સરકી જતી હોય તેમ લાગે છે. અર્જુન જ્યારે એમ કહે છે કે હું ઊભો રહેવા શક્તિમાન નથી ત્યારે ઊભા રહેવાની ભૌતિક-શારીરિક ક્રિયા જ શું અભિપ્રેત છે? ના, યુદ્ધના વિનાશને પોતીકી દૃષ્ટિએ અવલોકતાં; તેનો વિચાર કરતાં તે મોહ પામે છે, તેની ચેતના હણાઈ જાય છે. માનવીમાંથી જ્યારે ચૈતન્ય તત્ત્વ હરાઈ જાય છે ત્યારે તે શારીરિક ને માનસિક બંને રીતે અશક્ત બની જાય છે – અર્જુનની જેમ જ. ત્યારે ભગવાને બહુ સરસ આદેશ આપ્યો છે કે તું કાયરતા દાખવે તે યોગ્ય નથી. હૃદયની આ તુચ્છ દુર્બળતાને ત્યજીને તું ઊભો થા.

ઊભો થા એટલે શું? મનની નબળાઈઓને, મોહને, અજ્ઞાનના અંધકારને ફગાવીને, ત્યજીને માનવે ચેતનશીલ બનવાનું છે.

પરમાત્માએ સર્જેલ મનુષ્ય જ્યારે અર્જુનની જેમ કિંકર્તવ્ય મૂઢ–ચેતનહીન બને તે પરમાત્માને જરા પણ રુચતું નથી. પોતાનો શરણાગત દુર્બળતાના ભાર તળે દબાઈને નિષ્ક્રિય બની જાય તે પ્રભુને ગમતું નથી. ભગવાન કદી ઇચ્છતા નથી કે, પોતાનો ભક્ત દુર્બળતાનો, હીનતાનો, અજ્ઞાનનો ભોગ બને! પ્રભુ તો ઇચ્છે છે કે પોતાનો ભક્ત જ્ઞાન, બળ, ચૈતન્યથી થનગનતો બને, સ્વામી બને અને જીવનના યુદ્ધમાં ઝઝૂમે. પરમાત્મા શક્તિનો ઘૂઘવતો અસીમ સમુદ્ર છે એટલે શક્તિના એ સમુદ્રને કાંઠે વિહાર કરતો માનવી શક્તિથી સંપન્ન જ હોય. દુર્બળતા–તુચ્છતા–ક્ષુલ્લકતા એને માટે શોભાસ્પદ ન લેખાય.

સંસારનો પ્રત્યેક મનુષ્ય ઋણાનુબન્ધે જ એકમેક સાથે જોડાય છે ને ઋણાનુબન્ધ પૂરા થતાં ચાલ્યો જાય છે. મૃત્યુ માનવી માત્રને માટે સનાતન, ચિરંતન સત્ય છે. એ એક નિર્માણ છે. એનો હર્ષ કે શોક ન હોય. માનવી સ્વકર્મના બળે જન્મમૃત્યુના ફેરામાં અટવાતો રહે છે. આ જગત, આ શરીર, આ સમ્બન્ધો, આ મોહ, આ અજ્ઞાન બધું જ નાશવંત-ક્ષણિક છે. સત્ય સનાતન એક માત્ર પરમાત્મા છે. મનુષ્યનું શ્રેય ને પ્રેય બન્ને એના હાથમાં છે. અને એટલે જ કિંકર્તવ્યમૂઢ બનેલા અર્જુનને દુર્બળતા–નિર્બળતાનો પરિહાર કરવાનું કહીને, ચેતનતત્ત્વને પામવાનું ભગવાન સ્વયં કહે છે.

સર્વશક્તિમાન પરમાત્માના અંશમાંથી સર્જાયેલ મનુષ્યમાં અનેક શક્તિઓ પડી છે. નદી કાંઠે વિહાર કરતો માનવી પોતાને માટે નદીના વહેતા પ્રવાહમાંથી પાણીનો એક ઘડો તો ભરી શકે છે. પરમાત્માના અસીમ શક્તિના સમુદ્રમાંથી માનવી પોતાને માટે શક્તિ સંપ્રાપ્ત કરી લે તો આવી નિર્બળતા તત્ક્ષણ દૂર થઈ જાય!

ગીતાનો ગ્રંથ સત્ય સનાતન છે. એનાં મૂલ્યો, એના આદેશો, એનું તત્ત્વજ્ઞાન, કોઈ પણ કાળે, કોઈ પણ મનુષ્ય માટે પ્રેરક છે. અર્જુને જે અશક્તિ જાહેર કરી છે તે તેના એકલાની નથી. કેવળ તે કાળની પણ નહોતી. આજના સમયમાં પણ માનવી આવી અશક્તિ–નિર્બળતા અનુભવે છે. ભગવાન જે આદેશ આપે છે તે કેવળ અર્જુન એકલાને માટે જ નથી, જગતના સર્વ મનુષ્યો માટે કોઈ પણ કાળે આચરવા જેવો છે.

કર્મબળે–પ્રારબ્ધબળે જે તે વિપરીત પરિસ્થિતિમાં માનવી મન–હૃદયની નિર્બળતા–દુર્બળતા અનુભવે તેને દૂર કરવા ભગવાને શ્રદ્ધા અને શરણાગતિ સ્વીકારવાનું કહ્યું જ છે. પ્રભુ કેવળ અર્જુનને જ નહિ, જગતના સર્વ મનુષ્યોને પોતાને શરણે આવવા કહે છે.

માનવીએ સૌ પ્રથમ ઈશ્વરની–પોતાના ઇષ્ટની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારી, તેના પૂજન, અર્ચન, જપ, ધ્યાન, સ્મરણ, મનન, ચિંતનમાં રહેવાનું છે. હૃદયના એક સ્તર પર વિષાદ, નિર્બળતાના



Scanned by CamScanner

વહેણને વહેવા દઈને બીજા સ્તર પર ભગવાનનું સતત મનન, ચિંતન, સ્મરણ કરતાં રહીશું તો એ દ્વારા ધીમે ધીમે તન અને મનમાં એક પ્રકારના બળનો–શક્તિનો પ્રાદુર્ભાવ થતો જશે. શક્તિનો–બળનો એ પ્રાદુર્ભાવ હૃદયના પેલા વિષાદ અને નિર્બળતાને દૂર કરશે. અસ્તિત્વમાં ચૈતન્યનો અનુભવ કરાવશે.

ચૈતન્યશક્તિને જાગ્રત કરવાનો પ્રયત્ન આદરવાનો છે. ભગવાને સ્વયં ગીતામાં એનો ઉલ્લેખ કર્યો જ છે કે મનને વશ કરવું અઘરું છે. પણ પ્રયત્નથી એને વશ કરી શકાય છે. માનવીનું મન અતિ દુર્બળ છે. અને અતિ સબળ પણ છે. મનની દુર્બળતા સત્વરે પ્રાદુર્ભાવ પામે છે ને સબળતાને ડામી દે છે. એ ન થાય તે જોવાનું છે. મનનાં સંચલનોને સતત ઇષ્ટ–યોગ્ય પ્રતિ વાળતાં જઈશું, વિચારતાં જઈશું તો ચૈતન્યતત્ત્વને પ્રાપ્ત કરી શકીશું. આ એક અતિ સૂક્ષ્મ, ગૂઢ એવી આંતરપ્રક્રિયા છે.

માનવી જ્યારે જ્યારે સંજોગવશાત્ નિર્બળતા અનુભવે ત્યારે કૃષ્ણે અર્જુનને આપેલ આદેશ યાદ કરે, નિર્બળતા દૂર કરવાનો પ્રયત્ન આદરશે તો ચોક્કસ ચૈતન્યતત્ત્વને પામશે. ભગવાન સ્વયંનો એ આદેશ છે અને એ આદેશને વળગી રહેવાની, અનુસરવાની મનુષ્યની ફરજ છે.

□


# ધી વિજય કો. ઓ. બેન્ક લિ૦

## અમદાવાદ

રજી. ઑફીસ : નરોડારોડ, અમદાવાદ–૨૫ □ ફોન નંબર–૩૭૧૪૦૫ / ૩૭૪૪૭૯

મુખ્ય ઑફીસ : 'નોબલ્સ', નહેરુબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ.

ફોન નંબર : ૭૭૬૮૭ / ૮૮ / ૭૯૫૩૭

સ્થાપના : તા. ૨૨–૨–૧૯૩૭ * ઓડીટ : વર્ગ 'અ' * શાખાઓ : ૯

| | | |
|---|---|---|
| બેંકની અધિકૃત શેરમુડી | : | રૂ. ૧ કરોડ ૫૦ લાખ |
| ભરપાઈ થયેલ શેરમુડી | : | રૂ. ૧ કરોડ ૯ લાખ |
| થાપણો | : | રૂ. ૯ કરોડ ૫૫ લાખ |
| ધિરાણો | : | રૂ. ૧૩ કરોડ ઉપરાંત |


| ઇન્દ્રવદન આઈ. શાહ | હરિભાઈ પી. પટેલ | નટવરલાલ એ. પટેલ | વી. વી. વહરાજન |
|---|---|---|---|
| ચેરમેન | વાઈસ ચેરમેન | મેનેજિંગ ડિરેક્ટર | જનરલ મેનેજર |





Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....



શિયાળાની સાંજ ઢળી રહી હતી. પવન સુસવાટાભેર વહી રહ્યો હતો. વાતાવરણમાં ઠંડીનો ઠીક ઠીક ચમકારો હતો. અમે સૌ ગુરુદેવની કુટીરમાં બેઠા હતા. ગુરુદેવ થોડીવાર પહેલાં જ કુટીરમાં બિરાજમાન થયા હતા. પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં શાંતિ, સત્સંગ ને જીવનનો શાશ્વત આનંદ માણવાના આશયથી કેટલાક લોકો આવી રહ્યા હતા. આવનાર સૌએ પૂ. ગુરુદેવને પ્રણામ કરી પોતપોતાની બેઠક લીધી. ગુરુદેવ શાંત અને મૌન હતા. ભક્તો પરસ્પર હળીમળી રહ્યા હતા. એવામાં જ ૩૦–૩૫ વર્ષના લાગતા એક ભાઈએ પ્રવેશ કર્યો. પૂ. ગુરુદેવ અને સૌની નજર તેમના તરફ ગઈ. તેઓ નવા જ લાગતા હતા. છેવાડેની જગ્યાએ તેમણે બેઠક લીધી. પૂ. બહેન સૌની ખબર પૂછી રહ્યા હતા ત્યાં જ પેલા નવાગન્તુક ભાઈએ ઊભા થઈ કંઈક પૂછવાના આશયથી ગુરુદેવ સામે જોયું એટલે પૂ. બહેને સામેથી પ્રશ્ન કર્યો, 'શું ભાઈ કંઈ પૂછવું છે?' 'હા, મારે જરા શાસ્ત્રીજીની મુલાકાત લેવી છે.' પેલા ભાઈએ જવાબ આપ્યો. 'અહીં ગુરુદેવ પાસે આવીને વાત કરો.' પૂ. બહેને સંમતિ આપી. પેલા ભાઈ થોડા નજીક આવ્યા. તેમણે બે હાથ જોડી ગુરુદેવ સામે જોઈ કહ્યું :



Scanned by CamScanner

'શાસ્ત્રીજી, જીવનમાં મેં અનેક ઠોકરો ખાધી છે. મુસીબતો વેઠી છે. હવે હું ખૂબ અકળાઈ ગયો છું. કોઈ રસ્તો સૂઝતો નથી. મારા એક સંબંધીએ મને આપને મળવાનું સૂચન કર્યું તેથી હું અહીં આવ્યો છું. હું આપને વિશે કંઈ જ જાણતો નથી.' એટલું સાંભળી ગુરુદેવે માતાજીનો ફોટો લેવા હાથ લંબાવ્યો. પૂ બહેને ટ્રેમાંથી માતાજીનો ફોટો ગુરુદેવના હાથમાં મૂક્યો. ગુરુદેવે એ ફોટો ભાઈના હાથમાં મૂકયો ભાઈએ ફોટો હાથમાં લીધો તો ખરો, પણ આશ્ચર્ય ને વિસ્મયથી ગુરુદેવ સામે સહેજ વાર તાકયા કર્યું. ગુરુદેવે કહ્યું, 'ભાઈ, દરરોજ ગાયત્રી મંત્રની ત્રણ માળા કરવાનું શરૂ કરી દો.' ભાઈના મુખ પર આશ્ચર્ય ને વિસ્મય હજી શમ્યાં નહોતાં. એટલું જ નહિ, ચિંતા ને વિષાદની રેખાઓ તેમના ચહેરા પર ગાઢ બની હતી. ગુરુદેવ સામે માંડેલી નજર ખસતી નહોતી અને પગ ત્યાંથી જાણે ઉપડતા નહોતા. એટલે બહેને તેમને બેસવા કહ્યું ને ગુરુદેવની કાર્યપ્રણાલિકાની સમજ આપી કહ્યું કે, 'ભાઈ, ગુરુદેવના આદેશ પ્રમાણે તમે ત્રણ માળા શરૂ કરી દો જેથી તમારા બધા જ પ્રશ્નો ઉકલી જશે. શ્રદ્ધા અને શરણાગતિ રાખજો.'

ભાઈએ પ્રશ્ન કર્યો કે 'જપ કરવાથી એવું તે શું બને છે કે બની શકે કે માનવીના બધા જ પ્રશ્નો ઉકલી જાય, તે સમજાવશો?'

અત્યાર સુધી મૌન રહેલા અને ઓછું બોલતા ગુરુદેવે તેમની તરફ એક અમીમય કરુણાસભર દૃષ્ટિ ફેંકી, દિવ્ય સ્મિત વેર્યું અને એક બાળકને સમજાવતાં હોય તેમ માળાનો ક્રમ શરૂ કરવાનો મૃદુતાથી આદેશ આપ્યો, અનુરોધ કર્યો અને સમજાવ્યું કે, 'ભાઈ, મુસીબતો તો દરેકના જીવનમાં આવે જ છે. કેટલીક મુસીબતો જાતે સર્જેલી હોય છે તો કેટલીક વળી આવી પડેલી હોય છે જેને આપત્તિ કહેવાય. આથી મનુષ્યના જીવનમાં સંઘર્ષ સર્જાય છે. માનવીને જીવનમાં કંઈક ને કંઈક પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય છે. જે ન મળતાં તે દુઃખી થાય છે ને પોતાની ઇચ્છા પૂરી કરવા તે જાતજાતના નુસખાઓ અજમાવે છે. પણ પોતાની એ ઇચ્છાઓ સાકાર કરવા, પોતાની મુસીબતો દૂર કરવા માનવી ઈશ્વરનાં, પોતાના ઇષ્ટનાં માતાજીનાં દ્વાર ખખડાવે છે કે ખખડાવવા તત્પર બને છે ત્યારે મને ઘણો આનંદ થાય છે.

ભાઈ, એક આખરી વાત કહું તો જપ તો માનવીને જન્મ-જન્માન્તરના દુઃખોમાંથી મુક્ત કરે છે. જપ કરવાથી માનવીના અસ્તિત્વમાં એક અવનવી ઇચ્છાશક્તિ અને પ્રતિકારશક્તિ જન્મે છે, જેના દ્વારા માનવી પોતાનું મનોવાંછિત પ્રાપ્ત કરે છે, પોતાની સામે આવેલી મુસીબતો સામે ઝઝૂમી શકે છે ને એનો ઉકેલ પ્રાપ્ત કરી શકે છે. ઈશ્વર-માતાજી પરમ ચૈતન્ય શક્તિનો એક વેગવાન પ્રવાહ છે. એ ચૈતન્યશક્તિના પ્રવાહને કાંઠે જે ડગ મૂકે છે તેને તે શક્તિ-તે પ્રવાહ અડે છે ને તે અપૂર્વ શક્તિનો અનુભવ કરે છે. એટલું જ નહિ, તે શક્તિનો આવિર્ભાવ વધતે ઓછે અંશે તેનામાં થાય છે અને માનવી નવનીત પ્રાપ્ત કર્યાનો અનુભવ કરે છે. આ નૂતન શક્તિનો અનુભવ અવર્ણનીય છે. તેનો કેવળ અનુભવ કર્યે જ સમજાય.

આ શક્તિ માનવીના will-powerને સ્ટ્રોંગ કરે છે એટલે કે તેની ઇચ્છાશક્તિને મજબૂત બનાવે છે. આ ઇચ્છાશક્તિ એન્જિનનું કામ કરે છે. તે માનવીને આગળ ને આગળ ધપાવે છે. માનવીની ઇચ્છાઓ શક્તિનું રૂપ ધારણ કરે છે, અર્થાત્ ઇચ્છા ને શક્તિ એક બની જાય છે ત્યારે તે ધાર્યાં પરિણામ લાવવા સમર્થ બને છે. જે રીતે જપનાં આંદોલનો વાતાવરણમાં ફેલાઈને વાતાવરણને શુદ્ધ કરે છે, વાતાવરણમાં પોતાનો પ્રભાવ પાથરે છે તે જ રીતે માનવીમાં જપને પરિણામે જન્મેલી

ઇચ્છાશક્તિ સર્વત્ર પોતાનો પ્રભાવ પાથરે છે ને એ રીતે માનવીને સફળતા અર્પે છે. માનવીની ઇચ્છાશક્તિ જેટલી બળવાન તેટલું તેનું કાર્ય વહેલું સફળ થાય. એથી તે વધુ ને વધુ સારાં કાર્યો કરી શકે.

એક વિદ્યાર્થીને પ્રથમ વર્ગ મેળવવાની ઇચ્છા છે. તે સતત અભ્યાસ કરે છે–પુરુષાર્થ કરે છે. પ્રથમ વર્ગ મેળવવાનો દૃઢ નિશ્ચય કરે છે, પરિણામે તેની ઇચ્છાશક્તિ તીવ્ર બને છે. ને તેણે કરેલા અભ્યાસ, તેણે આપેલા પ્રશ્નોના પ્રત્યુત્તરો પરીક્ષક પર પ્રભાવ પાડે છે ને સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ વર્ગ પ્રાપ્ત કરે છે.

એ જ રીતે માનવીના જીવનમાં ઉદ્ભવતા અને મૂંઝવતા અનેકાનેક પ્રશ્નો જ્યારે પ્રબળ ઇચ્છાશક્તિમાં ફેરવાય છે ત્યારે તેનો સુખદ ઉકેલ આવે છે.

મનુષ્ય જેમ જેમ ઉપાસના કરતો જાય છે તેમ તેમ તેની વિચાર કરવાની શક્તિ કેળવાય છે. દુઃખથી ઘેરાયેલા મૂંઝાયેલા માનવીના ચિત્તમાં ખરાબ વિચારો જ રમ્યા કરતા હોય છે પણ જ્યારે તે માતાજીની શરણાગતિ સ્વીકારે છે ત્યારે તેના વિચારોમાં આપોઆપ પલટો આવી જાય છે. તે સદ્–સારા વિચારો કરવા માંડે છે. તેનામાં તીવ્રતા–ઉત્કટતા આવે છે. જેને કારણે તે ઉદાત્ત ને ઉન્નત વિચારો સુધી પહોંચે છે. આ ઉદાત્ત ને ઉન્નત વિચારો જ માનવીમાં પ્રબળ ઇચ્છાશક્તિનું નિર્માણ કરે છે જેનાથી સમગ્ર અસ્તિત્વમાં તાજપ અનુભવાય છે જે તાજગી તેને જીવનના પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ નીવડે છે અથવા પ્રશ્નો એ પ્રશ્નો નથી રહેતા, દુઃખ એ દુઃખ નથી રહેતું. એ સ્વીકારી લેવાની સહજ વૃત્તિ ને ભાવનાનો તેનામાં આવિષ્કાર થાય છે. કારણ કે માનવીના બધા જ પ્રશ્નો ઉકલી જાય એવું હરહંમેશ બનતું હોતું નથી. પરન્તુ ઉપાસક સઘળા પ્રતિભાવોથી મુક્ત બની જાય છે. એ મનને જૂનાં સ્મરણો, સંસ્કારો, વિચારોથી મુક્ત કરવાનું હસ્તગત કરી લે છે તેનામાં જન્મેલી ઇચ્છાશક્તિથી તે દરરોજ નવા જીવનનો પ્રારંભ કરે છે. તે સઘળાં દ્વન્દ્વોથી પર બની જાય છે. જીવનમાં કંઈક નવું જ કરવા, જીવનની કોઈ નવી જ રચના કરવા પ્રેરાય છે. તેનામાં જન્મેલી ઇચ્છાશક્તિ તેને નવું જીવન બક્ષે છે. પોતાના જીવનમાં તેના સઘળા મનોરથ સિદ્ધ થયા હોય કે ન થયા હોય પણ તેનું આમૂલ પરિવર્તન થઈ જાય છે. તેના ઉપાસનાની તીવ્રતા વધતી જાય છે. તે વધુ ને વધુ ઉપાસના કરતો જાય છે. પોતાની ઇચ્છાશક્તિને તે પ્રભુપ્રાપ્તિના પુરુષાર્થમાં જોડી દે છે. એમાં જોડાયેલી ઇચ્છાશક્તિ માનવીને–ઉપાસકને સર્વ ભૌતિકતાથી અલગ કરી આધ્યાત્મિકતામાં જોડી દે છે. તેના અસ્તિત્વને માતાજીના સ્વરૂપમાં લીન કરી દે છે.

આપણા જીવનમાં જન્મેલી ઇચ્છાઓ, કામનાઓ સફળ બનાવવા આપણો પુરુષાર્થ ચાલુ રાખવો ને એ સાકાર કરવાનું માતાજીના હાથમાં સોંપી દઈએ. અગાઉ કહ્યું તેમ આપણી ઇચ્છાઓને એક તીવ્ર શક્તિમાં ફેરવી નાખીએ, જે શક્તિ આપણા જીવનને વધુ ને વધુ ઉન્નત કરે, ઊર્ધ્વ કરે, સમૃદ્ધ બનાવે. એટલું જ નહિ, આપણી ચેતનાને વધુ ચેતનશીલ બનાવે ને એ ચેતના પરમ ચૈતન્યમાં લીન બને.

ભાઈ, મનને મજબૂત કરો, અકળાવ નહિ, માતાજી તમને જરૂર મદદ કરશે. તમે માતાજીની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારી લો. તમારામાં પ્રચંડ ઇચ્છાશક્તિ જરૂર જાગશે. મારા તમને આશીર્વાદ છે.'

ગુરુદેવે માનવીના અસ્તિત્વમાં ઇચ્છાઓમાંથી શક્તિ નિર્માણ કરવાની ખૂબ જ રસપ્રદ વાત કરી. તેમના શબ્દો સાંભળતાં જ અસ્તિત્વમાં કોઈક શક્તિનો સંચાર અનુભવાતો હતો. તેમના મુખમાંથી એવી મૃદુ, સરળ ને છતાં વેધક–સચોટ વાણી વહી રહી કે તે બંધ જ ન થાય તેમ થતું હતું. તેમની વાણીના પ્રવાહમાં તણાયા જ કરીએ જાણે! પણ થોડી જ વારમાં ગુરુદેવ મૌન થઈ ગયા. બાહ્યેપાળમાં



Scanned by CamScanner

જોઈ બહેન તરફ નજર કરી. ૭–૫૫: થયા હતા. બહેને અમારી તરફ ઇશારો કર્યો ને એકતવૃંદ એકી સાથે વિશ્વંભરીની સ્તુતિ લલકારી ઊઠયું :

વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા
વિદ્યાધરી વદનમાં વસજો વિધાતા....

સ્તુતિ ને આરતી કરી અમે સૌ છૂટાં પડયાં.

*

ગઈ તા. ૨૦મી જાન્યુઆરીની સાંજે પાંચ વાગ્યે ૮–૧૦ ભાઈબહેનો અને એક–બે બાળકો જીપમાંથી ઊતરી કુટિરમાં પૂ શ્રીનાં દર્શન અને આશીર્વાદ માટે આવ્યાં હતાં. તેમની સાથે ૨૦–૨૨ વર્ષનો અશોક બિમાર હાલતમાં આવ્યો હતો. બે–ત્રણ જણા તેને પકડીને લાવ્યા હતા. તે બિમારીને કારણે બેસવાને અશક્તિમાન હતો. તેથી પાટ પર સુવાડવામાં આવ્યો હતો. સગાંસ્નેહી સૌ ચિંતાતુર હતાં. કારણ કે અશોકે છેલ્લા પંદર દિવસથી કશું જ ખાધું નહોતું. તેનાથી ખાઈ શકાતું જ નહોતું. વળી સપ્ટેમ્બર ૧૯૮૫થી એટલે કે છેલ્લા પાંચેક મહિનાથી તેની વાચા બંધ થઈ ગઈ હતી. કશું જ બોલી શકાતું નહોતું. તેના વડીલોની વાત પરથી લાગ્યું કે અશોકની માંદગી ઘણી જ ગંભીર છે. ડૉકટરની દવા, માનસિક ચિકિત્સા, ન્યૂરોફીઝીશ્યનની સારવાર, શૉટ વગેરે સારવાર કરી. કમ્મરમાંથી પાણી (સ્ટાઇનલ ફ્લ્યુઈડ) કાઢવામાં આવ્યું હતું અને અંતે દોરા–ધાગા પણ કરાવવામાં આવ્યા હતા.

ગોપાળભાઈ ગુરુદેવની કુટિરમાં નિયમિત આવતા હતા. તેમણે ગુરુદેવના કાર્યયજ્ઞની વિગત અશોકના સંબંધીઓને જણાવી અને ગુરુદેવના આશીર્વાદ માટે અશોકને કુટિરમાં લઈ આવવા જણાવ્યું હતું. ગોપાળભાઈ પણ અશોક સાથે કુટિરમાં ઉપસ્થિત હતા. કુટિરમાં ચિંતા અને વિષાદનું વાતાવરણ છવાઈ ગયું હતું. કુટિરમાં સૌ ગુરુદેવના આગમનની રાહ જોઈ રહ્યા હતા.

ગુરુદેવ સાંજે ૬–૩૦ વાગ્યે કુટિરમાં પધાર્યા. ગોપાળભાઈએ અશોકની પરિસ્થિતિથી ગુરુદેવને વાકેફ કર્યા. અશોકનો મોટો ભાઈ મોહન અને દાદીમા ચંચળબહેન અશ્રુભીની આંખે ગુરુદેવને અશોકનું સ્વાસ્થ્ય સુધારવા મૂક યાચના કરવા લાગ્યા.

ગુરુદેવે અશોકને હિંચકા પાસે બોલાવી નીચે બેસવા જણાવ્યું. માથે હાથ મૂકયો. જીવનજળ આપ્યું. શરીરે હાથ પસવાર્યો અને મમતાભર્યા સ્વરે તેનું નામ વગેરે પૂછી જવાબ આપવા માટે પ્રોત્સાહિત કર્યો. અશોકનો અવાજ ગળામાંથી બહાર આવી શકતો નહોતો. ગુરુદેવે ગળે હાથ ફેરવી શક્તિપ્રદાન કર્યું. કાગળ–પેન આપી તેનું નામ વગેરે લખવા માટે જણાવ્યું. તેનું વર્તન, વ્યવહાર સ્વાભાવિક ને સ્વસ્થ લાગતાં નહોતાં.

પૂ. ગુરુદેવ અને પૂ. બહેનજીએ તેને ધીરજ અને વહાલથી આધ્યાત્મિક કેડીમાંથી કાવ્યપ્રસાદની પંક્તિઓ અને ઉતરવાચન કરવા માટે પ્રોત્સાહિત કર્યો. લગભગ પોણા કલાકની જહેમત પછી અશોકનો અવાજ ગળામાંથી બહાર નીકળી શકયો અને પાંચ મહિના પછી પ્રથમ વખત જ અશોકને બોલતો સાંભળી કુટિરમાં ઉપસ્થિત બધાં જ આશ્ચર્યચકિત થઈ ગયાં અને સાથે આવેલ સગાંસંબંધીની આંખમાં હર્ષાશ્રુ આવી ગયાં.

અશોકમાં ગાંડપણની જગ્યાએ ડહાપણ આવવા લાગ્યું. પ્રસાદ આપ્યો તે પણ ખાધો. તેણે ઊઠીને તેના વડીલોને પગે લાગી આશીર્વાદ લીધા. બે જણને પકડીને માંડ ચાલી શકતો અશોક તેની

જાતે ચાલીને કુટિરમાં પૂ. ગુરુદેવને, પૂ. બહેનજીને તેમ જ બધાને પગે લાગ્યો. નવું જીવન મળ્યાનો આનંદ તેના મુખ પર વર્તાઈ આવતો હતો.

આ પ્રસંગ ચાલુ હતો તે દરમિયાન ડૉ. રાજુભાઈ, જેમની એમ. એસ.ની પરીક્ષા ચાલતી હતી તેઓ પૂ.શ્રીના આશીર્વાદ માટે આવેલ હતા. તેમણે અશોકની શરૂઆતની પરિસ્થિતિ જોઈ હતી. તેઓએ બીજી વખતે જાણ્યું કે અશોક બોલતો થઈને અને સારો થઈને ઘેર ગયો ત્યારે તેઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા.

જીવનજળ, અન્ય સૂચનો અને ગાયત્રી મંત્રની ત્રણ માળા કરવાનો આદેશ આપી આવતા અઠવાડિયે અશોકને પાછો કુટિરમાં લઈ આવવાનું સૂચન કરીને ગુરુદેવે તેને વિદાય કર્યો.

બીજે અઠવાડિયે અશોક અને તેનાં દાદીમા તથા બે-ત્રણ સગાંસંબંધી કુટિરમાં આવ્યાં. અશોક સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયો હતો. પહેલી નજરે તો તે ઓળખી જ શકાયો નહિ. દાઢી, લઘરવઘર કપડાં, નિસ્તેજ આંખો અને ગાંડપણભર્યાં વર્તનની જગ્યાએ ફાંકડો, સ્માર્ટ નવયુવાન દેખાતો હતો. સહુ મા ગાયત્રી અને ગુરુદેવને વંદી રહ્યા અને સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી ગાયત્રી-મહામંત્રની ત્રણ માળા કરવાનો નિશ્ચય કર્યો.

આમ આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત અનેક ભાઈ-બહેનો, યુવાનો, વડીલો પૂ. ગુરુદેવની મુલાકાતે આવે છે, મન હળવું કરે છે, માર્ગદર્શન મેળવે છે, આપ્તજન તરીકેનો સધિયારો પણ મેળવે છે.

આપણી કલ્પનામાં પણ ન હોય તેવા કૌટુંબિક-સામાજિક જટિલ પ્રશ્નો પૂ. શ્રી પાસે આવે છે અને એક સામાજિક કાર્યકર કે લીગલ એડવાઈઝર કરતાંયે વિશેષ સાત્ત્વિક, નિઃસ્વાર્થ, નિર્લેપ, સંનિષ્ઠ અને સેવાવ્રતધારી એવા પૂ. ગુરુદેવ પાસે માર્ગદર્શન મેળવે છે.

ક્યારેક કૌટુંબિક-સામાજિક એવા પ્રશ્નો-પરિસ્થિતિઓ ઉદ્‌ભવતી હોય છે કે ન કોઈને કહેવાય કે ન સહેવાય. માનવીનું શ્રેય પણ જોખમમાં આવી પડે છે. પરિણામે મન મુંઝારો અનુભવે છે ત્યારે પૂ. ગુરુદેવ પાસે આવી તેઓ સાંત્વન ને સધિયારો પ્રાપ્ત કરે છે.

એક દિવસ 'નીલોષા' પર જાણવામાં આવેલો એક સામાજિક પ્રશ્ન ગુરુદેવે વર્ણવ્યો હતો જે આ પ્રમાણે છે. તેમણે કહ્યું,

"ઉંમરલાયક એક બહેન મારી મુલાકાતે આવ્યાં. પગે લાગીને ચોધાર આંસુએ રડવા લાગ્યાં. થોડીવારે સ્વસ્થ થતાં મેં રડવાનું કારણ પૂછ્યું, આંખમાં આંસુ સાથે તેઓ કહે, 'ગુરુદેવ, અમારું કુટુંબ બરાબર થઈ રહ્યું છે. આપ અમને બચાવી લ્યો. મારે એક જ દીકરો છે. અમે વૈષ્ણવ છીએ. દીકરાને ઘેર એક દીકરી છે. મારી બે દીકરીઓ પરણીને સાસરે ગઈ છે. મોટર-બંગલો બધું જ હોવા છતાં અમારા ઘર પર કાલિમા છવાઈ ગઈ છે.

એક બપોરે દીકરાની નાની દીકરી રડતી હતી. તેને તેની મમ્મીને (મારી પુત્રવધૂને) આપવા માટે હું મેડા પર તેના ઓરડામાં ગઈ. સુરેખા સોફામાં બેઠી બેઠી પગ લાંબા કરીને સિગારેટ પીતી હતી. મને જોઈને તે સહેજ ઝંખવાણી તો પડી ગઈ અને સિગારેટ ઓલવીને નાખી દીધી, પરંતુ એશ-ટ્રેમાં ૩-૪ સિગારેટનાં ઠૂંઠાં પડ્યાં હતાં.

મનનો ગુસ્સો સમાવીને મેં તેને કહ્યું કે, 'સુરેખા, આપણા ઘરને આ શોભતું નથી. નિરંજનને (મારા પુત્રને) કોઈ જ આદત નથી. તે તો પાન-સોપારી સુદ્ધાં ખાતો નથી અને તું...નિરંજન આ



Scanned by CamScanner

બાબત જાણે છે ?' તે મને કહે, 'મને કૉલેજકાળથી આ આદત છે. અને દરરોજ મારે સિગારેટ પીવી જ પડે છે. નિરંજનને ખબર નથી. સિગારેટ પીધા પછી હું મુખવાસ ખાઈ લઉં છું.'

મેં તેને આ આદત છોડી દેવા કહ્યું એટલે તે ઉશ્કેરાઈ ગઈ. તેના માબાપને મેં આ બાબતની જાણ કરી. તેઓ પણ નવાઈ પામ્યાં અને શરમિંદા બની ગયા.

ઘરમાં વાત જાણીતી થઈ ગઈ એટલે હવે તે પણ બેશરમ થઈ ગઈ અને નિઃસંકોચપણે સીગારેટ પીવા લાગી.

એક વખત અમે નીચે બેઠાં હતાં. સુરેખા તેના સસરાને કહે, 'બહાર જઈને મારે માટે એક સિગારેટનું પેકેટ લઈ આવો.' અમે તેમ કરવા ઇનકાર કર્યો એટલે તેણે ગુસ્સે થઈને મને અને તેના સસરાને ધક્કે ચઢાવ્યા અને મારામારી કરી.

ગુરુદેવ, અમારા સંસ્કારી અને ધર્મપરાયણ કુટુંબ પર મોટી આફત આવી ગઈ છે. અમારી બેઇજ્જતી થઈ રહી છે. આપ અમારી બેઇજ્જતી થતી બચાવો. મારા દીકરાની દીકરી પન્ના પર કેવા સંસ્કાર પડશે ?

મેં તેમને શાંત પાડી પુત્રવધૂ માટે જીવનજળ આપ્યું, સૂચન કર્યું અને અનુકૂળતાએ સુરેખાને (પુત્રવધૂને) મારી પાસે લઈ આવવા જણાવ્યું."

પશ્ચિમના દેશોનું આંધળું અનુકરણ, આપણા હિન્દુ સંસ્કાર અને સમાજજીવનમાં કેન્સરની જેમ વ્યાપી ગયું છે. હિન્દુ સંસ્કાર અને સંસ્કૃતિ મૃતઃપ્રાય બની ગઈ છે. માબાપનું વર્તન અને કુટુંબના સંસ્કાર બાળકના જીવન-ઘડતર પર બહુ મોટો ભાગ ભજવે છે. બાળકોના જીવનવિકાસમાં, શિક્ષણમાં અને તેમના મિત્રવર્તુળમાં મા-બાપે સક્રિય રસ લેવો જોઈએ. યુવાન બાળકોના મિત્ર બની જરૂરી યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. અને તેમની રુચિ, શોખને ખિલવવા યોગ્ય વાતાવરણ તૈયાર કરી આપવું જોઈએ જેથી તેની આસુરી વૃત્તિઓ ક્યારેય સજાગ ન બને. દરેક માબાપે બાળકોમાં સાત્વિક સંસ્કારોનું સિંચન કરવું જોઈએ. દરેક ઘરને મંદિર બનાવવું જોઈએ, પોતાના ઇષ્ટદેવનું સ્થાનક રાખવું. ઘરનાં દરેક નાના-મોટા સભ્યોએ દિવસમાં એક વખત સાથે બેસીને પ્રાર્થના કરવી, સત્સંગ કરવો. કોઈપણ કાર્ય પરમાત્માને સાક્ષીમાં રાખીને કરવાની આદત પાડવી જોઈએ. જો આવું વાતાવરણ ઘરમાં હોય તો બાળકો સમાજવિરોધી કાર્યો કરતાં અટકશે. બૂરી આદતોમાંથી બચી જશે. બૂરી આદતોનાં પ્રલોભનો વખતે તેને તેના ઘરના સંસ્કાર આડે આવશે અને આદતોની ગર્તામાં ધકેલાતાં-લપસતાં બચી જશે.

□



મા ગાયત્રીની કૃપા

**શ્રી ગણેશ ટ્રેડર્સ**

'ભગવતી'

★

ઉદવાડા-Rs. ૩૯૬૧૮૫

Scanned by CamScanner

# આત્મગુંજન - ૯

ડૉ. કાન્તિલાલ કાલાણી

**ભગવદ્ સાધનામાં આગળ વધવા કઈ ચાર ભૂમિકા જરૂરી છે?** જિજ્ઞાસુ અવસ્થામાં ભગવદ્-સ્મરણ, મુમુક્ષુ અવસ્થામાં ભગવત્કથા શ્રવણ માત્ર નહીં, પણ તેના મર્મમાં પ્રવેશ, માર્ગાનુસારી અવસ્થામાં એ મર્મ અનુસાર સાધન-ભજન અને તે પરિપક્વ થતાં મુક્તાવસ્થા.

**પરમાત્માની ચાર સંપત્તિ કઈ છે?** નામસંપત્તિ : ભગવાનના નામસ્મરણ દ્વારા તેમના અનંત સ્વરૂપને પામી શકાય છે. રૂપસંપત્તિ : બાહ્ય અલંકારો દ્વારા આંતર તત્ત્વનું દર્શન કરવું, ગુણ-સંપત્તિ : ભગવાનના અનંત ગુણોનું સ્મરણ કરવું, બલસંપત્તિ : ભગવાનમાં અસુરોનો પરાભવ કરવાની અને સર્વ વિઘ્નો દૂર કરવાની શક્તિ છે એ શક્તિનું સ્મરણ કરવું. હિરણ્યકશિપુ, રાવણ, કંસ આદિ માથાભારે માનવીઓના સંહારક ભગવાન છે તે વિશે જાગ્રત રહી ચિંતન-મનન કરવું.

**અન્તઃકરણ પરમાત્મા પ્રત્યે ક્યારે અભિમુખ થાય?** મન સ્થિર થાય, બુદ્ધિ નિર્મળ બને, ચિત્તમાંથી સંસ્કારોનો ક્ષય થાય અને અહંકારનો લય થાય.

**ધાર્મિક પુરુષનાં લક્ષણો કયાં?** શ્રીમદ્ ભાગવતમાં નીચેનાં લક્ષણો ગણાવ્યાં છે, તેનું આચરણ મનુષ્યને ખરા અર્થમાં ધાર્મિક બનાવે છે : કૃપાળુ, અદ્રોહી, સર્વ પ્રાણીઓ પ્રત્યે સહિષ્ણુ, સત્યમાં અડગ, ઈર્ષ્યારહિત, સમદષ્ટિવાન, વિકારરહિત ચિત્તવાળો, ઇન્દ્રિયોને વશ કરનાર, કોમળ, પવિત્ર, અપરિગ્રહી, આ લોક-પરલોકની ચિંતા ન કરનાર, મિતાહારી, શાંત, સ્થિર, ભગવદ્શરણ લેનાર, મૌની, સાવધાન, ગંભીર, ધીરજવાન, ભૂખ,-તૃષા-શોક-મોહ-વૃદ્ધાવસ્થા-મૃત્યુ-એ છને જીતનાર, માનની ઇચ્છા વિનાનો, સૌને માન આપનાર, જ્ઞાન આપવામાં કુશળ, સર્વના મિત્ર, કરુણાવાન તથા દ્દષ્ટા.

**ભગવદ્ધામની ઝાંખી ક્યારે થાય?** અંદરનું જગત જ્ઞાનથી ઉજ્જવળ બને, બહારનું જગત કર્મથી પવિત્ર બને.

**સૂક્ષ્મ બાબતો ક્યારે સમજાય છે?** બુદ્ધિ એકાગ્ર, નિર્મળ અને સત્યાનુસંધાન કરનારી બને ત્યારે.

**તત્ત્વજ્ઞ કોને કહેવો?** જે આત્મનિષ્ઠ હોય, પરમ શાંત હોય, સદૈવ આનંદિત હોય, સંસાર પ્રત્યે નિત્ય તૃપ્ત હોય, મન અને ઇન્દ્રિયોને વશ કર્યાં હોય, અયોગ્ય અને કામ્ય કર્મોથી મુક્ત હોય, વિષયસુખથી અળગો થઈ ગયો હોય.

**દુઃખમાંથી કોણ મુક્ત થઈ શકતું નથી?** અહંતા-મમતાથી ઘેરાયેલ રહે તે, જેણે વિવેકભાન ગુમાવી દીધું હોય તે, જે અન્યને સમજવાનો પ્રયત્ન નથી કરતું તે.

**જ્ઞાનનો ઉદય થયો છે એ કેવી રીતે જાણી શકાય?** વર્તમાનમાં ચિત્ત સ્થિર થાય, ઇચ્છાઓ પલાંઠી વાળીને બેસી જાય, રાગદ્વેષ શમી જાય, નિર્ભયતા-આનંદનો અનુભવ થાય.

**યોગમાર્ગમાં ત્રિકુટિનું વર્ણન આવે છે તે ત્રિકુટિ શું છે?** ભ્રૂકુટિ મધ્યે આવેલું આજ્ઞાચક્ર, મન, બુદ્ધિ અને અહંકારનું સંગમસ્થાન. આ ત્રિવેણી-મિલનને ત્રિકુટિ કહેવામાં આવે છે. શિવનું ત્રીજું નેત્ર ભ્રૂકુટિ મધ્યે આવેલું છે. એ ખુલ્લું થતાં મન, બુદ્ધિ અને અહંકારનો નાશ થાય છે.



[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, ’૮૬

મનુષ્ય શેની પકડમાંથી સત્વરે છૂટી શકતો નથી ? ઇન્દ્રિયોની, મનની અને બુદ્ધિની.

ભગવાનને અચ્યુત કેમ કહે છે ? તેઓ છ વિકારોથી પર છે એટલે. એ કયા વિકારો ? જન્મવું, અસ્તિત્વ ભોગવવું, વધવું, નામ-રૂપ બદલવું, ઘટવું, નાશ પામવું.

ભગવદ્‌શક્તિનો આશ્રય લીધા વિના જીવીએ તો શું થાય ? કર્મમાં જડતા પ્રવેશે, જ્ઞાનમાં અહંકાર જન્મે, ભક્તિમાં કામ જાગે અને યોગમાં સિદ્ધિનો ભય ઊભો થાય.

સાધનાની પરાકાષ્ઠા ક્યારે લાગે ? હરિમય જગત લાગે, જગતમય હરિ લાગે.

ભગવાનનું ખરું ધ્યાન ક્યારે થાય ? અન્તઃકરણ વાસનામુક્ત થાય ત્યારે.

આપણામાં ભગવદ્‌જ્યોતિનો આવિર્ભાવ ક્યારે થાય ? ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને અહંકાર ભગવાનને ચરણે અર્પણ કરીએ ત્યારે, જે સાધનાપથ ગ્રહણ કર્યો હોય તેમાં પૂરેપૂરી સંનિષ્ઠા અને સમજણપૂર્વકનું સાતત્ય જળવાય ત્યારે.

જીવાત્મા શેનાથી બદ્ધ છે ? કર્મથી. કર્મ શોક અને મોહમાં ડુબાડે છે. કાળથી, વાસનાથી.

માયારૂપી સાગરને તરી જવાનો ઉત્તમ ઉપાય ? ભગવાનમાં નિરંતર અનુરાગ.

મોહમાંથી ક્યારે બચાય ? હૃદય ભક્તિથી તરબોળ રહે ત્યારે.

શોકની અસર ક્યારે ન થાય ? સર્વમાં એકત્વનું દર્શન કરનારને મોહ-શોક રહેતા નથી. શુદ્ધ વિવેક જાગ્રત થાય ત્યારે.

ખરું સુખ કોને કહેવાય ? જેનાથી સદૈવ પ્રસન્નતા જળવાઈ રહે, જેમાં ચડઉતર કે ભરતી-ઓટને અવકાશ ન રહે.

ભગવદ્ શક્તિ આપણને શેમાંથી ઉગારે છે ? વાસનાના વમળમાંથી, અહંકારની ભ્રમણામાંથી, મિથ્યા જ્ઞાનની છલનામાંથી.

નામસ્મરણની ત્રણ પ્રક્રિયા કઈ છે ? ક્રિયા, ભાવ અને જ્ઞાન. પ્રથમ નામસ્મરણ એક નિયમ રૂપે, ક્રિયારૂપે થાય છે. પછી બાહ્ય ક્રિયામાં પ્રાણતત્ત્વનો પ્રવેશ થતાં તે અંતરંગ બને છે, અનાયાસ થાય છે. પ્રાણના સ્પંદન સાથે ભાવનું સ્ફુરણ ભળે છે. ભાવ ઘનીભૂત થતાં ચિત્તનો ઉઘાડ થાય છે અને પરમાત્માના ઉજ્જવળ પ્રકાશથી તે સભર બની જાય છે. અંતે ચિત્ત અને ચૈતન્ય એક બની જાય છે.

ભગવદ્‌નામ લેતી વેળા શરૂઆતમાં શેની જરૂર ? શ્રદ્ધાની, ધીરજની અને સાતત્યની.

નામજપ કરતી વખતે શું ધ્યાનમાં રાખવું ? અક્ષર શુદ્ધિ-તેનાથી નામના અર્થનું જ્ઞાન થાય. ઉચ્ચારશુદ્ધિ – તેનાથી ધ્વનિમાં પ્રવેશ થાય. ક્રિયાશુદ્ધિ-તેનાથી મધ્યમ – ગતિમાં નામ લેવાય ભાવશુદ્ધિ. તેનાથી નામના મર્મમાં પ્રવેશ થાય.

કયા ગુણો દ્વારા મનુષ્ય ભર્યું ભર્યું જીવન જીવવાની લાગણી અનુભવે છે ? સર્વ પ્રાણીઓ પ્રત્યે સક્રિય અનુકંપા, સત્યને પામવાની અહર્નિશ તાલાવેલી, પવિત્ર વિચાર-આચાર, ઉદારતા, નિઃસ્પૃહતા, અન્યના હિતમાં પોતાનું હિત જોવાનું વલણ, સંસાર પ્રત્યે તૃપ્તિનો ભાવ, સમજપૂર્વક જીવન અને જગતનો સ્વીકાર, પોતાને કાંઈ લેવાનું નથી પણ આપવાનું છે એવી નિરંતર જાગૃતિ, જાગરૂકતા, નિશ્ચયાત્મકતા.



Scanned by CamScanner

**કમળનો કેમ ભારે મહિમા થાય છે?** કમળ અનાસક્તિ, અને નિર્મળતાનું પ્રતીક છે. તે ઉલ્લાસ ઉજાસ અને સુવાસનું પ્રતીક છે. ઉલ્લાસ આનંદવાચક છે. ઉજાસ જ્ઞાનવાચક છે.

**સાચી લક્ષ્મી ખરેખર ક્યાં વાસ કરે છે?** જ્યાં ધર્મ છે, સત્ય છે, તેજસ્વિતા છે, ઉદારતા છે, વ્રત, શક્તિ અને શીલ અથવા ચારિત્ર્ય છે.

**લક્ષ્મીને ક્યાં સ્થાનો પ્રિય છે?** ભૂમિ, તીર્થ, યજ્ઞ અને વિદ્યા અથવા જ્ઞાન.

**લક્ષ્મીને કયા લોકો પ્રિય છે?** ઉદ્યમી, આસ્તિક, દક્ષ, કૃતજ્ઞ, જિતેન્દ્રિય, અક્રોધી, સત્યનિષ્ઠ, શાંત અને સદાચારી લોકો.

**લક્ષ્મી કોને છોડીને ચાલી જાય છે?** જે નિર્લજ્જ છે, કલહપ્રિય છે, મલિન, અશાંત અને અસાવધ છે.

□

મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ
પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત

**NARENDRA PROCESSING INDUSTRIES**

Tele. : Factory : 41177 * Resi. : C/o 42689

33-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,
SURAT - 395 002



Scanned by CamScanner

# જ્ઞાનગોષ્ઠિ

**પ્રશ્ન** : ભગવાનનું દર્શન એટલે શું ?

**ઉત્તર** : ભગવાનનું દર્શન એટલે આપણા કોઈ પણ ઈષ્ટ દેવને, પરમાત્માને, માતાજીને આપણી નજર સામે જોવાં, તે દેખાય તેને ભગવાનનું દર્શન કહેવાય.

**પ્રશ્ન** : એ રીતે ભગવાનનાં દર્શન થાય ખરાં ?

**ઉત્તર** : હા, જરૂર થાય.

**પ્રશ્ન** : એ દર્શન કેવી રીતે ને ક્યાં થાય તે સમજાવશો ?

**ઉત્તર** : ભગવાનનાં દર્શન કરવાની કે થવાની ચોક્કસ કોઈ પદ્ધતિ નથી. એના કોઈ સિદ્ધાંતો નથી ને તેનાં એટલે કે ભગવાનનાં દર્શન ક્યાં થાય એવું કોઈ ચોક્કસ સ્થાન નથી તેમ છતાં ભગવાનનાં દર્શન અનેક રીતે ને અનેક સ્થળે થઈ શકે છે—થાય છે.

ભગવાન, તેની ગતિવિધિ, તેનું અસ્તિત્વ, તેની શક્તિઓ, તેનાં દર્શનને બહુ વિશાળ દૃષ્ટિએ જોવા, જાણવાની, અવલોકવાની ને અનુભવવાની જરૂર છે. ભગવાન, ઈશ્વર, પ્રભુ એ એક પરમતત્ત્વ છે. ચૈતન્યશક્તિ છે, જે સર્વવ્યાપક છે, તેનાં દર્શન કરવા માટે શ્રદ્ધા અને શરણાગતિ જોઈએ. શ્રદ્ધા અને શરણાગતિના રાજમાર્ગ પર સીધા ને સીધા ચાલ્યા કરવાથી પ્રભુનાં–ઈષ્ટનાં દર્શન અવશ્ય થાય છે.

માનવી પોતાના ઈષ્ટની–પ્રભુની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારે છે, ત્યારે તેને પોતાના રોજબરોજના વ્યવહારમાં એવા અનેક અનુભવો થાય છે, જેમાં અશક્ય વાત શક્ય બની જાય છે. પોતાની મુશ્કેલીઓ દૂર થઈ જાય છે. એને માટે જપ ને પ્રાર્થના કે નામસ્મરણનો મહિમા બહુ મોટો છે. એનાથી બેકારને નોકરી મળે છે, અપરિણીતને જીવનસાથી પ્રાપ્ત થાય છે. રોગી રોગમાંથી મુક્ત બને છે. જીવનના અનેક નાના મોટા સામાજિક, કૌટુંબિક, વ્યક્તિગત પ્રશ્નોનો ઉકેલ આવી જાય છે, તે શેને પરિણામે ? કારણ એને માટે માનવી પ્રભુના–ઈષ્ટના જપ કરે છે, પ્રાર્થના કરે છે, નામ–સ્મરણ કરે છે, જે પ્રભુ સાંભળે છે ને એને સહાય કરે છે. આમ રોજબરોજના જીવનમાં ઈષ્ટના–માતાજીના સ્મરણથી માનવી જે નાની–મોટી સફળતાઓ–સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે તે ઈશ્વરનું એક પ્રકારનું દર્શન જ છે. માનવી ધારે તો એમાં જ ઈશ્વરનાં દર્શન કરી શકે છે.

ઈશ્વરનું સ્થાન મનુષ્યના હૃદયમાં છે. જગતના પ્રાણીમાત્રમાં ઈશ્વર બિરાજમાન છે. આ સમગ્ર સૃષ્ટિ પણ ઈશ્વરનું સર્જન છે એ રીતે થોડીક વિશાળ દૃષ્ટિ કેળવીશું તો ઈશ્વરનાં દર્શન સર્વત્ર થઈ શકશે કારણ કે તે સર્વવ્યાપક છે.

દરેક મનુષ્ય પોતે પણ ઈશ્વરનું જ સર્જન છે. ઈશ્વરનો જ અંશ છે, તેથી દરેકમાં પ્રભુનાં દર્શન કરવાની વૃત્તિ કેળવીશું તો પ્રભુ હાથવગો જ છે. 'આત્મા સો પરમાત્મા–આત્મા એ જ પરમાત્મા છે.' તેથી આત્મામાં બેઠેલા પરમાત્માનાં દર્શન કરવાની દૃષ્ટિ કેળવવાની છે. અગાઉ હું એક વાર જીવનનાં નવ સૂત્રો આપી ચૂક્યો છું. બસ, એનો સંપૂર્ણપણે અમલ કરવાથી માતાજી જરૂર દર્શન આપશે. દર્શન કરવા માટે એનો અમલ જરૂરી છે, મનુષ્ય પોતાની માણસાઈ ન વિસરે. માણસાઈ જેવી સૂક્ષ્મ છતાં તીવ્ર ને પ્રબળ ભાવનાઓમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ ને વિરાટ એવો પરમાત્મા બેઠો છે. ને માણસાઈની



Scanned by CamScanner

એ ભાવનાઓ દ્વારા પ્રભુનો–માતાજીનો પ્રેમ પ્રાપ્ત કરી શકાય છે. પ્રેમની એ પ્રાપ્તિ પ્રભુની પ્રાપ્તિ જ છે, માતાજીનાં દર્શન જ છે.

બાકી, માતાજી સઘળે છે. હાજરાહજૂર છે. તેમનાં દર્શન કરવાની પાત્રતા કેળવવાની જ જરૂર છે.

**પ્રશ્ન** : ઈશ્વર-દર્શનના કોઈ પ્રકાર ખરા કે? આપે ઉપર કહ્યું ને કે આ એક પ્રકારનું દર્શન જ છે, તેથી પૂછું છું.

**ઉત્તર** : હા, ઈશ્વરનાં દર્શન બે પ્રકારે થઈ શકે છે : એક પરોક્ષ કે સૂક્ષ્મ રૂપે ને બીજો પ્રકાર તે સાક્ષાત્ રૂપે.

પરોક્ષ કે સૂક્ષ્મ દર્શનની વાત મેં ઉપર જણાવી ને સમજાવી, કે જેમાં માતાજી સ્વયં ઉપસ્થિત છે–હાજરાહજૂર છે, પણ દેખાતાં નથી છતાં છે ને આપણને સર્વ રીતે મદદરૂપ થાય છે. આપણે તેમને પ્રાર્થના કરીએ- વિનંતી કરીએ ને આપણાં સઘળાં કાર્યો સફળ થાય છે. આને સૂક્ષ્મ કે પરોક્ષ દર્શન કહેવાય.

સાક્ષાત્ રૂપે દર્શન થવાં એટલે કે આપણા ઈષ્ટ કે માતાજી સ્વયં આપણી નજર સામે, ધ્યાનમાં દેખાય છે. પરંતુ એમાં જુદા જુદા અનુભવો થાય છે. એક દર્શન એવું હોય છે, જેમાં માતાજીનાં કેવળ દર્શન થાય છે, પણ વાતચીત થઈ શકતી નથી. આ દર્શન બહુ જ વિરલ છે. કોઈકને જ એવું દર્શન કરવાનું સદ્‌ભાગ્ય સાંપડે છે. તે દર્શન ખૂબ જ અલૌકિક ને આહ્‌લાદક, શાંતિપ્રદ ને આનંદદાયક બની રહે છે. ક્યારેક એ રીતે દર્શન થતાં અલૌકિક સુરભિનો અનુભવ પણ થાય છે, જેનાથી અસ્તિત્વના અણુએ અણુમાં આનંદનો એક વેગવાન પ્રવાહ ધસી આવે છે. ઊંડા ઊંડા શ્વાસો લઈ ને એ અલૌકિક ને સ્વર્ગીય સુવાસને અસ્તિત્વમાં ભરી લેવા મન તત્પર થઈ ઊઠે છે. કયારેક દર્શનની સાથે વાતચીત પણ થઈ શકે છે, તો કયારેક અદૃષ્ટ–ગેબી ને કર્ણમધુર અવાજ કાને પડે છે. માતાજીનાં દર્શન સાથે તેમનો કોમળ ને વાત્સલ્યસભર સ્પર્શ અનુભવાય છે. માતાજી કયારેક પોતાની મરજી મુજબ ભક્તને આશીર્વાદ કે વરદાન પણ આપે છે, પણ એ દશા અત્યંત દુર્લભ છે, અને એથી યે આગળ વધી દર્શનની પરાકાષ્ઠારૂપે ભક્ત ઇચ્છે ત્યારે, ગમે તે સમયે, પોતાના ઇષ્ટના કે માતાજીનાં દર્શન કરી શકે છે. તે વેળા ભક્ત ભગવાનમય બની જાય છે, તેમની સાથે સંપૂર્ણપણે એકતા સાધે છે.

**પ્રશ્ન** : આ માટે કોઈ સમર્થન મળી શકશે?

**ઉત્તર** : અનુભવો એ જ સમર્થન. આ અનુભવોની–અનુભવેલી વાતો છે. જેનું બાહ્ય રીતે કોઈ સમર્થન આપી ન શકાય. વ્યક્તિએ જાતે કરેલા અનુભવો જ એના સમર્થન બની શકે. પરમાત્માનું–માતાજીનું વિશ્વ અનુભવોનું વિશ્વ છે. વ્યક્તિ જેમ જેમ અનુભવો કરતી જાય છે, તેમ તેમ તેને સમર્થનો પ્રાપ્ત થતાં જાય છે. આ ઉપાસનાનું, ભક્તિનું, સાધનાનું વિશ્વ છે. જેમ જેમ તેમાં આપણે ઊંડા ઊતરતાં જઈએ તેમ તેમ નિતનવીન અનુભવો પ્રાપ્ત થતા રહે છે ને માતાજીની ગૂઢ, અકળ ને અગમ્ય લીલાઓનો, તેની શક્તિનો, તેના સંકેતોની લિપિ ઉકેલવાનો તાગ મળતો રહે છે.

**પ્રશ્ન** : તો પછી આ બધું કેવી રીતે સિદ્ધ કરી શકાય તે કહેશો!

**ઉત્તર** : તમે સરસ સવાલ પૂછ્યો છે. પણ એક શરતે એનો જવાબ આપું કે બોલો, તમે એ શરતો સ્વીકારીને એનો અમલ કરશો!

હા, તમે સમજાવો, અમે જરૂર પ્રયત્ન કરીશું.

જુઓ, સૌ પ્રથમ દૈનિક ઉપાસનાનો ક્રમ નક્કી કરો. શ્રદ્ધાપૂર્વક, મા–બાળકનો સંબંધ સ્થાપી માતાજીની કે પોતાના કોઈપણ ઇષ્ટની શરણાગતિ સ્વીકારો. દરરોજ નિયમિત ત્રિપદા ગાયત્રી–મહામંત્રની ત્રણ માળા કરવાનો નિયમ રાખો. અથવા તમારા ઇષ્ટના જે કોઈ નામસ્મરણ, જપ કે પાઠ–પૂજા કરતા હો તો તે. આપણા હૃદયમાં જેમ આપણા સ્વજન માટે જે ઉત્કટ પ્રેમ અને લાગણી પેદા થાય છે, તેવી જ લાગણી ને ઉત્કટ પ્રેમ માતાજી માટે પણ જાગવો જોઈએ. સ્વજનના મિલન માટે જે વ્યાકુળતા અનુભવાય છે, તેવી જ બલકે તેથી યે તીવ્ર વ્યાકુળતા માના મિલન માટે ઉદ્‌ભવે. આપણું મન સતત માના–ઇષ્ટના વિચારોમાં–સ્મરણોમાં જ પરોવાયેલું રહે. આપણે સમગ્ર રીતે સદ્‌વિચાર ને સદાચાર કરીએ. મનમાં કદી ખરાબ વિચારો ન આણીએ. તેમ જ કોઈ માટે પણ કશો જ ભેદભાવ, વેર, ઇર્ષ્યા કે પૂર્વગ્રહો ન રાખીએ આપણું ધાર્યું કરવાની કદી ખેવના ન રાખીએ. આ સૃષ્ટિના સ્રષ્ટાની ઇચ્છા વિના એક પાંદડું પણ હાલી શકતું નથી. આ સમગ્ર જગત ઈશ્વરનું જ સર્જન છે. આપણે સૌ- આપણાં સર્વનાં જીવન પરમાત્માનું જ સર્જન છે. તેથી બધું જ એની ઇચ્છા મુજબ થાય છે. જીવનમાં પ્રતિપળ, પ્રત્યેક પગલે જીવનના દરેક સોપાન પર સઘળું માના–ઇષ્ટના ચરણોમાં–હાથોમાં સોંપીને આપણે આપણા કાર્યમાં મગ્ન રહીએ ને તેની ઇચ્છાને વશવર્તીને ચાલીશું તો આપણો અહંકાર આપોઆપ દૂર થઈ જશે. અહંકારને દૂર કરવાની આ ગુરુ ચાવી છે. અહંકારથી રહિત–ખાલી બનેલો મનુષ્ય પરમાત્માનાં દર્શન કરી શકે છે. પરમાત્માને–માતાજીને સ્વયં સાક્ષાત્ આવવાની ફરજ પડે છે. અહંકાર વિનાનો માનવી પરમાત્માનો–માતાજીનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરી શકે છે.

**પ્રશ્ન** : આ સાક્ષાત્કાર શું છે?

**ઉત્તર** : સાક્ષાત્કાર એટલે પોતાના ઇષ્ટનું–માતાજીનું સ્વયં સદેહે સાક્ષાત્ હાજરાહજૂર મનુષ્યના રૂપમાં દર્શન થવું તે.

**પ્રશ્ન** : એ શું શક્ય છે?

**ઉત્તર** : એ શક્ય છે. મનુષ્યને આ રીતે દર્શન થવાં બહુ દુર્લભ છે, તેમ છતાં કોઈક વિરલ પુરુષને એ દર્શન થઈ શકે છે તેમાં કોઈ શંકા નથી.

**પ્રશ્ન** : કોઈક વિરલને જ એ પ્રમાણે દર્શન થતાં હોય તો મનુષ્ય માત્રે સાક્ષાત્કાર મેળવવા શું કરવું?

**ઉત્તર** : પોતાનો સાક્ષાત્કાર કોને કરાવવો એ તો માતાજીના–પ્રભુના હાથમાં છે, તેમની મરજીનો સવાલ છે. અગાઉના પ્રશ્નના પ્રત્યુત્તરમાં દર્શન કરવા માટે મેં શરતો જણાવેલી જ છે. વધુમાં કહું કે, વર્ષોની–જન્મોજન્મની ઉપાસનાના–ભક્તિના પરિપાકરૂપે માનવીને–સાધકને પ્રભુનાં દર્શન થાય છે, સાક્ષાત્કાર થાય છે. મનુષ્યનું જીવન, તેનું હૃદય, તેનું સમગ્ર અસ્તિત્વ મન, વચન ને કર્મથી પવિત્ર બની રહે ત્યારે તે પ્રભુનો–માતાજીનો પ્રીતિપાત્ર બને છે. પ્રીતિપાત્ર બનતાં માના આશીર્વાદ, પ્રેમ ને કૃપાનો અધિકારી બને છે. એના થકી જીવનમાં સર્વ રીતે પ્રગતિ કરતો જાય છે. અહીં એક અગત્યની વાત પર ભાર મૂકીશ કે, જેના પર માની કૃપા છે તે બધી જ રીતે સુખી રહે છે કે બને છે એવું નથી હોતું. તેના જીવનમાં પણ મુશ્કેલીઓ, આપત્તિઓ આવતી જ હોય છે. કારણ કે અહીં કર્મનો સિદ્ધાંત લાગુ પડે છે. દરેક મનુષ્યે પોતે જાણ્યે–અજાણ્યે કરેલાં કર્મોનું ફળ તો ભોગવવું જ પડે છે. માનવી મન, વચન ને કર્મથી પવિત્ર રહી પોતાના ઇષ્ટની કે મા ગાયત્રીની જેમ જેમ ઉપાસના કરતો જાય તેમ તેમ તેનાં અસત્ કર્મો કપાતાં જાય ને સત્કર્મોમાં અભિવૃદ્ધિ થતી જાય તેમ તેમ તે



Scanned by CamScanner

સાધનામાં-ઉપાસનામાં આગળ વધતો જાય, માની નજીક જતો જાય ને પરિણામે અજ્ઞાનનો અંધકાર સંપૂર્ણપણે દૂર થઈ જાય છે, તે સંપૂર્ણ પવિત્ર બની જાય છે ને જ્ઞાનનો, સાત્ત્વિકતાનો પરમ પ્રકાશ પામે છે. એ પ્રકાશની પડછેથી માનવીને પોતાના ઇષ્ટના-માતાજીના સદેહે સાક્ષાત્ દર્શન થાય છે. પોતાના જીવનને, અસ્તિત્વને મન, વચન ને કર્મથી પવિત્ર બનાવવું ને રાખવું ખૂબ જ દુષ્કર છે. એ સિદ્ધ કરતાં કરતાં જન્મોજન્મ વહી જાય છે. એ જન્મોજન્મને અંતે તે ઇષ્ટની-માતાજીની સંનિકટ જઈને ઊભો રહે છે. તેનાં બધાં જ પડળો છેદાઈ જાય છે ને તે દર્શનનો-સાક્ષાત્કારનો અધિકારી બને છે. આ સઘળામાં મનનું કારણ છે. મન શુદ્ધ હશે તો પરમાત્મા જરૂર આપણને ભેટી જશે, અરે એટલું જ નહિ, તેને આપણી પાસે આવવાની ફરજ પડશે.

**પ્રશ્ન** : એવું ન બને કે, જેનું વારંવાર રટણ કરીએ, તેનો આભાસ થાય કે સ્વપ્નમાં દેખાય એ કેવળ મનની ભ્રાંતિ જ હોય ?

**ઉત્તર** : તમારી દૃષ્ટિએ એ શંકા સાચી છે અને ભૌતિક વ્યવહારમાં પદાર્થોની બાબતમાં એમ થવું શક્ય છે, પણ અલૌકિક જગતમાં ઈશ્વરદર્શનની બાબતમાં એમ ન બની શકે. સ્વપ્નમાં, ધ્યાનમાં કે સાક્ષાત્ ઈશ્વરનાં-માતાજીનાં દર્શન થવાં. એ વિરલ અનુભવ છે. અને ભાગ્યે જ એ દર્શન કોઈકને થાય છે. એમ તો બધાં જ મનુષ્યો પોતાના ઇષ્ટનું, માતાજીનું સ્મરણ કરે છે તો તેમને આભાસ કે દર્શન થવાં જોઈએ. પણ તેમ નથી થતું ને ક્વચિત્ જ દર્શનનો અધિકારી સાધક બને છે. શરણાગતને પોતાના સ્વરૂપનાં દર્શન કરાવવાં એ માતાજીની મરજીની અને શરણાગતની પાત્રતાની વાત છે. એમાં ભ્રાન્તિ કે આભાસ ન હોય.

શ્રદ્ધાપૂર્વકની શરણાગતિ, જપ અને મન-વચન-કર્મની પવિત્રતાનું સાતત્ય ઉપાસકને ઈશ્વરની-માતાજીની નજીક લઈ જાય છે તેમ જ દર્શનનો પણ અધિકારી બનાવે છે.

□




મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ
**જમનાદાસ નાગરદાસ મોદી**
જનરલ મરચન્ટ
**'ભગવતી'**
ઉદવાડા – Rs. ૩૯૬૧૯૫ (ડિ. વલસાડ)

# મહામંત્રની પ્રચંડ શક્તિનાં હૂંફ અને સહારો

બાળકની અને તેમાંય પુત્રજન્મની આકાંક્ષા બહુ સ્વાભાવિકપણે કોઈપણ દંપતીને હોય છે. એકાદ–બે પુત્રીના જન્મ પછી પુત્ર ન હોય ત્યારે દંપતી પુત્રપ્રાપ્તિ માટે પ્રયત્નો આદરે છે. જાત જાતનાં સંશોધનો કરતું વિજ્ઞાન આગળ વધી રહ્યું છે. તેણે શોધી કાઢ્યું છે કે ગર્ભમાંનું બાળક પુત્ર છે કે પુત્રી તે જાણી શકાય છે. એ જાણવા માટે ગર્ભ રહ્યા પછી ચોક્કસ પ્રકારનું પરીક્ષણ કરાવવામાં આવે છે. એ પરીક્ષણમાં પુત્ર છે એમ માલુમ પડતાં દંપતી હરખાઈ જાય છે, પણ પુત્રી છે એમ જણાતાં નારાજ થઈ જાય છે ને ગર્ભપાત કરાવવા તૈયાર થઈ જાય છે. આ સ્થિતિ જરા પણ ઉચિત નથી.

બીજી વાત એ કે શું એ પરીક્ષણ પણ ક્યારેક અવળું પરિણામ બતાવે ખરું? બતાવી શકે. વિજ્ઞાનની પણ એક મર્યાદા છે.

ત્યારે આવી બાબતમાં સાચી સલાહ અને સત્ય બાબત કોણ જણાવી શકે?

પદાર્થ કે પરિસ્થિતિની પેલે પારનું સત્ય તો કોઈ સન્ત જ જણાવી શકે. અલૌકિક શક્તિ સાથે આત્માનુસન્ધાન સાધવાથી પદાર્થ કે પરિસ્થિતિ પરત્વેના સંકેતો તેઓ (સન્તો) પ્રાપ્ત કરી શકે છે.

બાળજન્મની કે પુત્રજન્મની આકાંક્ષા લઈને ઘણાં દંપતીઓ પૂ. ગુરુદેવ પાસે આવે છે તે સર્વેને માતાજી તરફથી પ્રાપ્ત થતા સંકેતો અનુસાર ગુરુદેવ તેમને માર્ગદર્શન આપે છે અને દંપતી આનંદિત થઈ ઊઠે છે.

અત્રે આવો જ એક કિસ્સો પ્રસ્તુત કર્યો છે.

વડોદરાના શ્રી રામસિંહ લખી જણાવે છે :

મારે કુટુંબમાં ત્રણ પુત્રી છે. તા ર૭ એપ્રિલ ૧૯૮૩ ના રોજ મારી પત્નીએ ગર્ભધારણ કર્યા પછી વડોદરામાં સ્પેશ્યાલીસ્ટ લેડી ડૉક્ટરને બતાવ્યા પછીથી તા. ૨૯–૧૨–૮૩ ના રોજ લેબોરેટરી ટેસ્ટ કરાવ્યો. તેમાં પુત્રી છે તેમ જણાવેલું, જેથી અમોએ ગર્ભપાત કરાવવા માટેનો દિવસ અને સમય નક્કી કરી અ. સૌ. શાંતાબહેનના ભાઈ–ભાભીને મદદ માટે બોલાવી લીધેલા, પરંતુ ગુરુદેવ મારફત અમારું સારું; થવાનું હશે એટલે અમને થયું કે ઓપરેશન કરાવતાં પહેલાં પૂ. શાસ્ત્રીજીને મળી લેવું સારું; જેથી હું એકલો મળવા માટે આવેલો અને ગુરુદેવે આશ્વાસન આપી જણાવેલું કે ગર્ભપાત કે ઓપરેશન કરાવશો નહિ, પુત્રજન્મ થશે જ. જીવનજળ લઈ જાવ. હું મારા પ્રયત્ન કરીશ. હું એકલો મળવા માટે આવેલો જેથી જીવનજળ વિના ઘેર પરત આવી પત્નીને વાત કરી તો તેણે કહ્યું, જીવનજળ લઈને જ આવવું હતું ને! એટલે તરત ત્રીજા દિવસે હું જીવનજળ લેવા માટે ગયો, તે સમયે પણ મને ખૂબ આશ્વાસન આપી જણાવેલું કે, હિંમતનગરના એક ભાઈને પણ મુંબઈથી ટેસ્ટ રીપોર્ટમાં આમ જણાવેલું પરંતુ જીવનજળ લીધા પછીથી પુત્રપ્રાપ્તિ થઈ, તો આપ પણ ગભરાશો નહિ. માતાજી સારું કરશે અને ત્યાર બાદ થોડા થોડા દિવસે હું મારી માનસિક અશાંતિને લીધે ગુરુદેવને ફોન કરી તંગ કરી દેતો, પરંતુ ફોન ઉપરની વાતચીતમાં ગુરુદેવ ખૂબ ધીરજથી કહેતા, 'મારા પ્રયત્નો ચાલુ જ



Scanned by CamScanner

છે. સારું થશે અને ડીલીવરી પણ નોર્મલ થશે.' તા. ૧૬-૫-૮૪ ના રોજ હું લેડી ડૉક્ટરને ત્યાં પત્નીને બતાવવા લઈ ગયો ત્યારે તેમણે સહેજમાં પૂછતાં કહેલું, 'પુત્રી જ છે.' મેં પૂછેલું કે કયા કારણસર જણાવો છો તો તેમણે કહ્યું કે પુત્ર ડાબી બાજુ હોય છે, જ્યારે તમારે જમણી તરફ બાળક છે માટે પુત્રી છે તેમ લાગે છે. મને પૂ. ગુરુદેવના વચન ઉપર અતૂટ શ્રદ્ધા હતી. ગુરુવાર તા. ૧૭-૫-૮૪ના રોજ હું પત્નીને એ જ ડૉક્ટરને ત્યાં ઓપરેશનથી ડીલીવરી કરાવવા લઈ ગયેલો પરંતુ ડૉક્ટરે નોર્મલ ડીલીવરી થવા દેવા માટે ખૂબ આગ્રહ રાખેલો અને ઓપરેશન ન કર્યું. સાંજે પાંચ વાગ્યે ડીલીવરીમાં પુત્રજન્મની ખબર ડૉક્ટરે મને ૫-૨૦ વાગ્યે કરી ત્યારે મનોમન હું ગુરુદેવને અને મા ગાયત્રીને વંદી રહ્યો. લેડી ડૉક્ટરે પણ જણાવ્યું કે સારું થયું. ઓપરેશન કરી ગર્ભપાત ન કરાવ્યો, નહીંતર પુત્ર ગુમાવવો પડત અને જીવનમાં ફરીથી પુત્ર કે પુત્રીપ્રાપ્તિના ચાન્સ લઈ શકાત નહીં. આ પ્રસંગ મારા માટે ડૂબતાને તરણું મળે તેમ ગુરુદેવનો સહારો મળ્યો અને કુટુંબમાં આનંદ થયો. આ પ્રસંગ પછી હું ઘણાને ગુરુદેવની મુલાકાત લેવા જણાવું છું. જેથી મારી જેમ તેઓને પણ જિંદગીમાં આનંદ મળે. માતાજીની દયા, ગુરુદેવ જેવા મહાન પુરુષનાં આશીર્વાદ અને મહામંત્રની પ્રચંડ શક્તિની હૂંફ અને સહારો મને પણ મળે છે. ગુરુદેવના આશીર્વાદ, માતાજીની દયા અને મહામંત્રની શક્તિ વિશેષ છે. મારા અંતરના ભાવોને વર્ણવવા મારી પાસે શબ્દો નથી.

પૂ. ગુરુદેવનાં ચરણોમાં લાખ લાખ વંદન કરું છું. ગુરુદેવના આશીર્વાદથી મારી શ્રદ્ધા, ભક્તિ અને એકાગ્રતામાં વધુ ને વધુ દૃઢતા આવે અને મનની મલિનતા દૂર થાય એવી આશા રાખું છું.

□


શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશિષની અભ્યર્થના

**શ્રી અંબિકા સોપ ફેક્ટરી એન્ડ ટી ડીપો**

૪/૧૩૩, હરીપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત-૩

**—: શ્રી અંબિકા કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ :—**

પી/૭૬૨, નવી જી. આઈ. ડી. સી, કતારગામ, ફૂલપાડા રોડ, સુરત-૬

મા ગાયત્રી અને પૂજ્ય શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર વરસતા રહો.

**✻ શ્રી જય અંબે સોપ એન્ડ ટી રીટેઇલ સોપ ✻**

૪/૧૩૩, હરીપરા પીરછડી રોડ, અંબિકા સદન, સુરત-૩

**શ્રી અંબિકા ટેક્ષટાઈલ્સ**

P/૭૬૨, નવી જી. આઈ, ડી. સી., કતારગામ, ફૂલપાડા રોડ, સુરત-૬




Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવનો અમેરિકાનો કાર્યક્રમ

[ તા. ૮-૬-'૮૬ થી તા. ૫-૭-'૮૬ ]

| તારીખ | વાર | સમય | કાર્યક્રમનું સ્થળ અને આયોજકો | ટેલીફોન |
|---|---|---|---|---|
| ૮-૬-૮૬ | રવિવાર | સાંજે | અમદાવાદથી મુંબઈ પ્લેનમાં | — |
| ૯-૬-૮૬ | સોમવાર | સવારે | મુંબઈથી લંડન થઈ ન્યુયોર્ક | — |
| ૧૦-૬-૮૬ | મંગળવાર | ૪ થી ૮ | ન્યુયોર્ક – શાન્તુભાઈ નાયક | ૭૧૮-૯૬૧-૨૩૫૧ |
| ૧૧-૬-૮૬ | બુધવાર | ૬ થી ૮ | ન્યુયોર્ક – ,, | ,, |
| ૧૨-૬-૮૬ | ગુરુવાર | સવારે | ન્યુયોર્કથી સાનજોઝે મુસાફરી પ્લેનમાં | — |
| ,, | ,, | ૪ થી ૮ | સાનજોઝે – સુધીરભાઈ મહેતા | ૪૦૮-૨૪૩-૦૫૧૧ |
| ૧૩-૬-૮૬ | શુક્રવાર | ૪ થી ૮ | ,, ,, | ,, |
| ૧૪-૬-૮૬ | શનિવાર | ૪ થી ૮ | ફોલબ્રુક સાનડીયાગો – ડાહ્યાભાઈ પટેલ | ૬૧૯-૭૨૮-૮૩૫૫ |
| ૧૫-૬-૮૬ | રવિવાર | ૪ થી ૮ | લોસ એન્જેલીસ – વિનોદભાઈ દેસાઈ | ૨૧૩-૪૧૩-૩૯૦૪ |
| ૧૬-૬-૮૬ | સોમવાર | ૬ થી ૮ | શેલ્બીવિલ – ઠાકોરભાઈ પટેલ | ૬૧૫-૬૮૪-૩૧૦૧ |
| ૧૭-૬-૮૬ | મંગળવાર | ૪ થી ૮ | શેલ્બીવિલ – ,, | ,, |
| ૧૮-૬-૮૬ | બુધવાર | ૪ થી ૮ | હેમીલ્ટન આલાબામા – ઈશ્વરભાઈ પટેલ | ૨૦૫-૯૨૧-૩૩૩૩ |
| ૧૯-૬-૮૬ | ગુરુવાર | ૪ થી ૮ | ,, ,, | ,, |
| ૨૦-૬-૮૬ | શુક્રવાર | ૪ થી ૮ | શીકાગો – કાંતિભાઈ પટેલ | ૩૧૨-૯૮૦-૯૬૦૧ |
| ૨૧-૬-૮૬ | શનિવાર | ૪ થી ૮ | શીકાગો – ,, | ,, |
| ૨૨-૬-૮૬ | રવિવાર | ૪ થી ૮ | ટોરન્ટો – ધનસુખભાઈ ખત્રી | ૪૧૬-૭૮૨-૭૯૮૪ |
| ૨૩-૬-૮૬ | સોમવાર | ૪ થી ૮ | ,, ,, | ,, |
| ૨૪-૬-૮૬ | મંગળવાર | ૪ થી ૮ | ,, ,, | ,, |
| ૨૫-૬-૮૬ | બુધવાર | ૪ થી ૮ | યુનીયન સીટી ન્યુજર્સી – રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૨૬-૬-૮૬ | ગુરુવાર | ૧૧ થી ૧ | લીવીંગ્સ્ટન – મહેશભાઈ દેસાઈ | ૨૦૧-૯૯૪-૯૬૮૧ |
| | | ૨-૩૦ થી ૪ | રોક વે, ન્યુ જર્સી – પુષ્પાબેન પટેલ | ૨૦૧-૩૬૧-૬૬૪૫ |
| | | ૫ થી ૭ | યુનીયન – જયશ્રી દેવેન પટેલ | ૨૦૧-૬૮૬-૫૮૫૩ |
| ૨૭-૬-૮૬ | શુક્રવાર | ૪ થી ૬ | વીન્ડસર ન્યુજર્સી – મણીલાલ ગોવન | ૬૦૯-૪૪૩-૪૬૭૨ |
| | | ૭ થી ૯ | યુનીયન સીટી – કાંતિલાલ પટેલ | ૨૦૧-૮૬૪-૩૭૬૪ |
| ૨૮-૬-૮૬ | શનિવાર | ૪ થી ૮ | ન્યુ જર્સી – મધુભાઈ પટેલ | ૨૦૧-૯૬૩-૪૪૬૭ |
| ૨૯-૬-૮૬ | રવિવાર | ૧૧ થી ૭ | ઇસ્ટ બ્રુન્સવીક<br>વેદમંદિર – જસવંતભાઈ મહાદેવિયા | ૨૦૧-૮૨૧-૦૪૦૪<br>૨૦૧-૨૫૧-૧૦૪૯ |
| ૩૦-૬-૮૬ | સોમવાર | ૪ થી ૮ | યુનીયન સીટી – રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૧-૭-૮૬ | મંગળવાર | ૪ થી ૮ | ,, ,, | ,, |
| ૨-૭-૮૬ | બુધવાર | — | વિરામ | |
| ૩-૭-૮૬ | ગુરુવાર | સાંજે | ન્યુયોર્કથી લંડન મુસાફરી | |
| ૪-૭-૮૬ | શુક્રવાર | — | લંડનથી મુંબઈ મુસાફરી | |
| ૫-૭-૮૬ | શનિવાર | સાંજે | મુંબઈથી અમદાવાદ | |

નોંધ : પૂજ્ય ગુરુદેવના પ્રોગ્રામની વધુ માહિતી માટે : શ્રી પ્રવીણભાઈ ડોક્ટર, જર્સી સીટી, ફોન નં. ૨૦૧-૪૫૧-૪૭૦૩ નો સંપર્ક સાધવો.



Scanned by CamScanner

# સમાચાર

(૧) તા. ૧૦-૪-૮૬ થી તા. ૧૮-૪-૮૬ સુધી નવ દિવસના ચૈત્રી નવરાત્ર છે. અનુષ્ઠાન કરવા ઇચ્છતા ઉપાસકોને પૂ. ગુરુદેવ આશીર્વાદ પાઠવે છે.

(૨) તા. ૮-૬-૮૬ થી ૬-૭-૮૬ સુધી અમેરિકામાં પૂ. ગુરુદેવના કાર્યયજ્ઞનું આયોજન થયું હોવાથી અમદાવાદમાં 'નિલેષા' મુકામે પૂજ્યશ્રી મળી શકશે નહિ. તા. ૭-૭-૮૬ થી પૂ. ગુરુદેવ અમદાવાદમાં રાબેતા મુજબ મળી શકશે.

(૩) તા. ૨૧-૭-૮૬ ને સોમવારના રોજ ગુરુપૂર્ણિમા છે. પૂ. ગુરુદેવ સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા સુધી નિવાસસ્થાને દર્શન આપશે.

□


પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

આરતી ટ્રેડર્સ

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા - Rs. ૩૯૬૧૮૫

'ગુરુકૃપા હિ કેવલમ્'

મીના ટ્રેડર્સ

"ભગવતી"

ઉદવાડા-Rs. ૩૯૬૧૮૫




Scanned by CamScanner



પ્રખર ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

**સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)**

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner